।। શ્રીકૃષ્ણાય નમઃ ।। ।। શ્રીવલ્લભાધીશો જયતિ ।। ।। શ્રીગોપીનાથો જયતિ ।। ।। જયતિ શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।।

પુષ્ટિસંસ્કાર

ઓક્ટોબર – ૨૦૨૬

વર્ષ - ૧૭ । અંક - ૦૭ । સળંગ અંક - ૧૯૯

ભાદરવો–આસો–કારતક/ વિક્રમ સંવત્ ૨૦૮૩



❖ નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ ❖ પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ❖ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ❖ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ❖
❖ પુષ્ટિબાલવાટીકા ❖ પુષ્ટિસંસ્કાર સ્કૂલ ❖ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ ❖ શ્રીવલ્લભગોશાલા ❖ પુષ્ટિસંસ્કાર પરિવાર ❖






❋ પ્રેરક

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

❋ પથદર્શક

શ્રીયૂષકુમારજી (શ્રીવ્રજેન્દ્રજી) મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

❋ પ્રકાશક

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦
૯૦૯૯૯૪૩૯૯૦

❋ મુદ્રક

મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

પ્રતિ અંક ₹ ૨૦/-

● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

પુષ્ટિસંસ્કાર

અનુક્રમણિકા


૦૪	પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ
૦૭	શ્રીમદ્ ભગવદ્ગીતા
૧૦	શ્રીભાગવતાર્થપ્રકરણમ્
૧૩	સન્યાસ નિર્ણય
૧૬	પુષ્ટિચિન્તન
૧૯	શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
૨૨	સર્વનિર્ણયપ્રકરણ
૨૪	ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ
૨૭	બાલવિભાગ
૨૯	પુષ્ટિસંસ્કારધામ
૩૧	પ્રવૃતિ સમાચાર
૩૪	વ્રતોત્સવ ટિપ્પણી

તંત્રી/સંપાદક : વિમલભાઈ ભટ્ટ,

પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ

પુષ્ટિભક્તિમાર્ગ

સંકલન : ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



ગતાંકથી આગળ....

पुष्टिमार्गे हरेर्दास्यं धर्मोऽर्थो हरिरेव हि ।
कामो हरिदिदृक्षैव मोक्षः कृष्णस्य चेद् ध्रुवम् ।।

પુષ્ટિમાર્ગમાં હરિનું દાસ્ય ધર્મપુરૂષાર્થ છે, અર્થ પુરૂષાર્થ હરિ સ્વયં છે, પુષ્ટિમાર્ગીય કામપુરૂષાર્થ હરિદર્શનની ઇચ્છા છે અને કૃષ્ણના જ થઇ જવું તે પુષ્ટિમાર્ગીય મોક્ષપુરૂષાર્થ છે.

પુષ્ટિજીવ

વેદમાં કહ્યું છે - **'यमेवैष वृणुते तेन लभ्यः'** ભગવાન્ જેનું વરણ કરે છે તેને જ તેઓ પ્રાપ્ત થાય છે. ભગવાન્ જેની પર કૃપા કરે છે તેનો જ સ્વીકાર કરે છે.

'પુષ્ટિ' નો અર્થ છે ભગવાન્ શ્રીકૃષ્ણની વિશેષ કૃપા.

ભગવાન્ શ્રીકૃષ્ણે; વિશેષ કૃપા કરીને જેનામાં ભક્તિનો બીજભાવ (સૂક્ષ્મ ભક્તિ રૂપ) સ્થાપ્યો છે તેવા જીવને 'પુષ્ટિજીવ' કહેવાય છે.

શ્રીમહાપ્રભુજીએ 'પુષ્ટિપ્રવાહ-મર્યાદાભેદ' ગ્રન્થમાં પુષ્ટિજીવની સૃષ્ટિનું પ્રયોજન સમજાવ્યું છે - 'ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિઃ' અર્થાત્ ભગવાન્ શ્રીકૃષ્ણની રૂપસેવા માટે પુષ્ટિજીવોનું સર્જન થયું છે.

પ્રભુની વિશેષ કૃપાને કારણે પુષ્ટિજીવો; ભગવદ્ શરણાગતિ અને ભગવદ્ ભક્તિમાં આસક્તિ વાળા હોય છે. તેમને વૈષ્ણવી સિદ્ધાન્તો, વૈષ્ણવી આચાર, વૈષ્ણવતાના નિયમો, તેની ભાવનાઓ, વૈષ્ણવી પહેરવેશ વગેરેમાં રૂચિ હોય છે.

પુષ્ટિભક્તિ

ભક્તિનો અર્થ છે -

'माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः स्नेहो भक्तिः'

એટલે કે પ્રભુમાં માહાત્મ્યજ્ઞાન પૂર્વક સુદૃઢ તથા સર્વથી અધિક સ્નેહ થાય તેને 'ભક્તિ' કહેવાય છે.

આમ ભગવાન્ શ્રીકૃષ્ણની ભક્તિના બે અંગ છે (૧) પ્રભુનું માહાત્મ્યજ્ઞાન (૨) પ્રભુ પ્રત્યેનો સ્નેહ .

ભગવાન્ શ્રીકૃષ્ણ જ આ સર્વ સૃષ્ટિના સર્જનકર્તા છે અને ભગવાન્ની ઇચ્છાથી જ સર્વ કંઇ થાય છે; તેવું જ્ઞાન પ્રભુનું 'માહાત્મ્યજ્ઞાન' કહેવાય છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ આપણા અંશી છે અને આપણે પ્રભુના અંશ - તે બોધ સ્નેહ પ્રકટ કરનારો છે. તેથી પ્રભુ આજ્ઞા કરે છે -

अहमात्मात्मनां धातः प्रेष्ठः सन् प्रेयसामपि
अतो मयि रतिं कुर्याद् देहादिर्यत्कृते प्रियः ।।

(શ્રીમદ્ભાગવત ૩-૯-૪૨)

અર્થ - હે બ્રહ્મા ! હું આત્માઓનો આત્મા છું. જે ઘણા વધારે પ્રિય હોય તેના કરતા પણ અધિક પ્રિય છું, તેથી મારામાં સ્નેહ કરવો. કેમ કે મારામાં સ્નેહને કારણે જ લોકો દેહ વગેરેમાં પ્રીતિ કરે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણની વિશેષ કૃપાથી પ્રાપ્ત થતી તેમ જ જેમાં કોઇપણ પ્રકારની લૌકિક કે મોક્ષ સંબંધી પણ કામના ન હોય અને માત્ર પ્રભુસમ્બન્ધી જ અપેક્ષા હોય તેવી ભક્તિને જ 'પુષ્ટિભક્તિ' કહેવાય છે.

પુષ્ટિજીવને ભગવાન્ શ્રીકૃષ્ણની ભક્તિ થકી કોઇપણ લૌકિક કે પારલૌકિક ફલની અપેક્ષા હોતી નથી. વૃત્રાસુરચતુઃશ્લોકીના દ્વિતીય શ્લોકમાં પુષ્ટિભક્તને પ્રભુ સિવાય અન્ય કોઇ અર્થની કામના હોતી જ નથી તેનું સુંદર વર્ણન છે. વૃત્રાસુર કહે છે -

न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम् ।
न योगसिद्धिरपुनर्भवं वा समंजस त्वा विरहय्य कांक्षे ।।

(શ્રીમદ્ભાગવત ૬-૧૧-૨૫)

અર્થ : હે પ્રભુ ! હું આપને છોડીને નથી તો ઇન્દ્રાસનની ઇચ્છા કરતો કે નથી કરતો બ્રહ્માના પદની, નથી મારે પૃથ્વી ઉપરનું સામ્રાજ્ય જોઇતું કે નથી જોઇતું રસાતલ આદિ પાતાલ લોકોનું આધિપત્ય, યોગની સિદ્ધિઓ કે મોક્ષની પણ આપના વિના હું ઇચ્છા રાખતો નથી. (બધા જ લૌકિક અને વૈદિક પ્રલોભનો મારા માટે તુચ્છ છે, હું માત્ર આપને ઇચ્છું છું)

આવી ભગવત્સ્વરૂપૈકનિષ્ઠા એ પુષ્ટિભક્તિની લાક્ષણિકતા છે, પુષ્ટિભક્તિનું લક્ષણ પ્રમેયરત્નાર્ણવ ગ્રન્થમાં જણાવ્યું છે-

'भगवत्स्वरूपातिरिक्तफलाकांक्षारहितत्वे सति
भगवत्स्वरूपात्मक-फलाकांक्षावत्त्वम्'

અર્થઃ ભગવત્સ્વરૂપ સિવાયના કોઇપણ ફલની અપેક્ષા રહિત હોવું અને ભગવત્સ્વરૂપાત્મક ફલની અપેક્ષા હોવી તે પુષ્ટિભક્તિ છે.

પુષ્ટિભક્તિમાર્ગ

માર્ગ એટલે 'ઇષ્ટ પ્રાપ્તિનો ઉપાય'. તેથી ભગવત્સ્વરૂપાનન્દાત્મક ઇષ્ટ પ્રાપ્તિ માટેનો પ્રભુની નિર્હેતુકી કૃપાથી પ્રાપ્ત થતો પુષ્ટિભક્તિરૂપ ઉપાય જે ભાગવત વગેરે શાસ્ત્રોમાં વર્ણિત છે તે 'પુષ્ટિભક્તિમાર્ગ' કહેવાય છે. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્યચરણ સમજાવે છે -

सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः ।

ભાવાર્થઃ શાસ્ત્રના અનેક વચનોમાં તથા પ્રભુએ સ્વયં પણ અનેક પ્રસંગોમાં નિરૂપાધિક સ્નેહવાળા પોતાના અનન્ય ભક્તોની પ્રશંસા કરીને તેમનો ઉત્કર્ષ માન્યો છે. તેથી પુષ્ટિભક્તિમાર્ગનું હોવું નિશ્ચિત થાય છે.

પુષ્ટિભક્તિમાર્ગની મંત્રદીક્ષા અને ઉપદેશ ની પરમ્પરા જે શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ કરી છે તેને 'પુષ્ટિભક્તિસમ્પ્રદાય' કહેવાય છે. તેને વ્યવહારમાં પુષ્ટિભક્તિમાર્ગ અથવા પુષ્ટિમાર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીયદીક્ષા

કોઇપણ ધર્મસાધનાનું અનુસરણ કરતા પહેલા તેના વિષયમાં જાણકારી પ્રાપ્ત કરીને તે પછી તેના અનુસરણ માટેની યોગ્યતા પ્રાપ્ત કરવાની હોય છે. જેમ કોઇપણ વિદ્યાલયમાં પ્રવેશ મેળવતા પહેલા તે વિદ્યાલયના નિયમો, ભણાવવામાં આવતો કોર્ષ, શિક્ષકો, વિદ્યાલયનો સમય, યુનિફોર્મ, કરાવવામાં આવતી શિક્ષણેતર પ્રવૃત્તિઓ વગેરેની જાણકારી મેળવીએ છીએ. બાળક નાનું હોય તો તેના માતા-પિતા આ સર્વ જાણકારી મેળવીને પછી પોતાના બાળકને તે વિદ્યાલયમાં પ્રવેશ અપાવે છે.

તે જ રીતે કોઇપણ વ્યક્તિએ સહુથી પહેલા; જે માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરવો હોય તે માર્ગની આચાર્યપરમ્પરા, માર્ગના સિદ્ધાન્તો, માર્ગના ગ્રન્થો, પહેરવેશ, ઇષ્ટદેવ, દીક્ષા લીધા પછીના કર્તવ્યો વગેરે ને સમજવા જોઇએ. તે પછી જો તે માર્ગને અનુસરવાની ઇચ્છા થાય તો તે માર્ગ (સમ્પ્રદાય) ના યોગ્ય ગુરૂ પાસેથી દીક્ષા પ્રાપ્ત કરવી જોઇએ.

તેથી 'પુષ્ટિસિદ્ધાન્તોને સમજીને પુષ્ટિમાર્ગના અનુસરણ માટેની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે' પુષ્ટિમાર્ગીય દીક્ષા લેવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીય સાધનાક્રમમાં પ્રથમ સોપાન રૂપે ભગવાન્ શ્રીકૃષ્ણના આશ્રયનો સ્વીકાર કરવામાં આવે છે અને આશ્રયભાવ દૃઢ થતા ભગવાન્ શ્રીકૃષ્ણને આત્મનિવેદન કરીને પોતાના ઘરમાં ભગવત્સેવાના માર્ગ પર આગળ વધવાનું હોય છે.

તેથી 'પ્રભુનો આશ્રય' અને 'પ્રભુને આત્મનિવેદન' રૂપ આ બન્ને સાધનાઓના સન્દર્ભમાં પુષ્ટિમાર્ગમાં બે દીક્ષા છે -

(૧) શરણદીક્ષા અને (૨) બ્રહ્મસમ્બન્ધદીક્ષા.

યોગ્ય ગુરૂ પાસેથી પોતાની યોગ્યતા અનુસાર દીક્ષા ગ્રહણ કરીને પુષ્ટિપથ પર આગળ વધી શકાય છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા
અધ્યાય ૧૮

વિવેચનઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

બુદ્ધ્યા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ ।
શબ્દાદીન્વિષયાંસ્ત્યક્ત્વા રાગદ્વેષૌ વ્યુદસ્ય ચ ।।૫૧।।

વિવિક્તસેવી લઘ્વાશી યતવાક્કાયમાનસઃ ।
ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ ।।૫૨।।

અહંકારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્ ।
વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે ।।૫૩।।

વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ, ધૃતિથી આત્માનું નિયમન કરી, શબ્દ વિગેરે વિષયોનો ત્યાગ કરી, રાગ તથા દ્વેષ દૂર કરી, એકાંતનું સેવન કરનાર, અલ્પ આહારવાળો, જેણે વાણી, કાયા અને મનને વશ કરેલા છે તેવો, નિત્ય ધ્યાન યોગમાં તત્પર, વૈરાગ્યનો આશ્રય કરનાર, અહંકાર બલ દર્પ કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરી મમતારહિત તથા શાંત (રહેનાર) બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે. ૫૧-૫૩.

કર્મમાં આસક્તિ, કર્તૃત્વનું અભિયાન તથા કર્મનાં ફલનો ત્યાગ કરવાથી વિશુદ્ધ બુદ્ધિવાળો થઇ, યોગથી અવ્યભિચારિણી થયેલી ધૃતિ વડે આત્માને નિયમમાં રાખી, શબ્દ વગેરે ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરી તથા રાગ અને દ્વેષનો ત્યાગ કરી, એકાંતમાં રહેનાર વગેરે ગુણવાળો બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે એટલે તેનામાં આનંદ અંશનો આવિર્ભાવ થવાથી અક્ષરબ્રહ્મના ભાવ માટે યોગ્ય થાય છે, અર્થાત્ 'હું બ્રહ્મ છું' એવો યથાર્થ અનુભવ કરે છે. ભગવાનના ગુણ આનંદનો તેનામાં આવિર્ભાવ થયેલો હોવાથી તેને 'બ્રહ્મ' એમ કહે તે યોગ્ય છે. આ સંબંધી બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના ત્રીજા પાદના ૨૯માં સૂત્રમાં નિર્ણય કરેલો છે. ૫૧-૫૩

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાઙ્ક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ।।૫૪।।

બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી. તે સર્વ ભૂતો પ્રતિ સમ (હોઈ)મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે. ૫૪.

એવી રીતે જેણે બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો છે તેવો પ્રસન્ન ચિત્તવાળો પુરુષ કોઇ બાબતનો શોક કરતો નથી તેમજ કોઇ પદાર્થની આકાંક્ષા રાખતો નથી; પરંતુ સર્વ ભૂતો પ્રતિ સમાન હોઇ મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે. અપેક્ષારહિત બ્રહ્મભાવ પામેલો તે શુકદેવજી પેઠે મારી ક્ષર અને અક્ષરથી પણ અતીત શ્રીપુરુષોત્તમની પરા એટલે જ્ઞાનથી

પણ અધિક ફલરૂપ ઉત્તમ નવ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરે છે અહિં 'મારી ભક્તિ' એમ ભગવાને કહેલું હોવાથી સાંખ્ય વગેરેથી અક્ષરબ્રહ્મ સાથે એક્ય પ્રાપ્ત કરવું એ પર પુરૂષાર્થ નથી, પરંતુ અક્ષરબ્રહ્મ તથા આત્માના યથાર્થ જ્ઞાનવાળા જીવન્મુક્ત જ્ઞાનીઓનો પણ પરમ પુરૂષાર્થ શ્રીપુરૂષોત્તમની ભક્તિ જ છે એવો ભગવાનનો આશય છે. જો ભગવાનનો આવો આશય ન હોત તો 'બ્રહ્મભાવ પામેલો મારી પરાભક્તિ પ્રાપ્ત કરે છે' એમ કહેત નહિ.

અહિં કોઇ શંકા કરે કે ગયા શ્લોકમાં (૫૩) 'બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે' એમ જ કહેલું હોવાથી બ્રહ્મભાવને યોગ્ય થયેલો પુરૂષ, પરંતુ બ્રહ્મભાવ જેણે પ્રાપ્ત કરેલો નથી તે ભગવાનની પરાભક્તિ પામે છે એમ કહેલું છે, અને પછી આગલા (૫૫) શ્લોકમાં 'ભક્તિથી ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રવેશ કરે છે' એમ કહેલું હોવાથી, ભક્તિ અક્ષરબ્રહ્મ સાથે ઐક્યનું સાધન છે અર્થાત્ ભગવાનની ભક્તિ માત્ર બ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત કરવાનાં સાધનરૂપ હોવાથી પરમ પુરૂષાર્થ નથી, પરંતુ અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય જ પરમ પુરૂષાર્થ છે.

આવી શંકા કરી શકાય તેમ નથી, કારણ કે આ શ્લોકમાં **'ब्रह्मभूतः'** શબ્દ સ્પષ્ટ જ છે. બ્રહ્મભૂત એટલે બ્રહ્મ થયેલો અથવા બ્રહ્મભાવ પામેલો. તેથી બ્રહ્મભાવ પામેલો જ શ્રીભાગવત ૧-૭-૧૦માં જણાવ્યા પ્રમાણે ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરે છે એમ સ્પષ્ટ કહેલું છે. બ્રહ્મ સાથે ઐક્ય થયા પછી ભગવાનની ભક્તિ કહેલી છે. આવી ભક્તિ પ્રાપ્ત થયા પછી તે ભક્તિ વડે અક્ષરબ્રહ્મથી પણ અતીત શ્રીપુરૂષોત્તમનું તત્ત્વથી જ્ઞાન થયા પછી તે પુરૂષોત્તમના સ્વરૂપમાં જ પ્રવેશ કરે છે એમ આગલા (૫૫) શ્લોકમાં કહેલું છે, પરંતુ અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ કહેલ નથી. તેથી અક્ષરબ્રહ્મનાં જ્ઞાનરૂપ પ્રમાણમાર્ગ કરતાં શ્રીપુરૂષોત્તમનો સંબંધ કરાવનાર પ્રમેયમાર્ગ અધિક જ છે. અક્ષરબ્રહ્મમાર્ગમાં અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાની છે, અને ઉપાસના પછી શ્રવણ વિગેરેની સિદ્ધિ માટે જ્ઞાન પ્રાપ્ત કરતાં અંતે અક્ષરબ્રહ્મ સાથે એક્ય પ્રાપ્ત થાય એ જ ફલ છે; પરન્તુ આ ભગવન્માર્ગમાં તો ભગવાન સંબંધી સ્વધર્મોનું આચરણ કરતાં શ્રીપુરૂષોત્તમની ભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીપુરૂષોત્તમની કૃપાથી અક્ષરબ્રહ્મભાવ પ્રાપ્ત થયા પછી પણ શ્રીશુકદેવ, ઉદ્ધવ વગેરે પેઠે તે શ્રવણ કીર્તન તથા સેવા વગેરે કરે છે. આ આવી શ્રીપુરૂષોત્તમની ભક્તિથી શ્રીપુરૂષોત્તમમાં પ્રવેશ કરે છે. આમ હોવાથી ભક્તો યશોદાજીના ઉત્સંગમાં લાલિત શ્રીપુરૂષોત્તમ ભગવાનની ભક્તિ કરે છે. સાંખ્યજ્ઞાનીઓ અક્ષરબ્રહ્મની અને યોગીઓ પરમાત્માની ઉપાસના કરે છે. તેઓની મતિ અનુક્રમે ભક્તિ, જ્ઞાન તથા કર્મમાં રહેલી છે, અર્થાત્ તેઓના માર્ગ અનુક્રમે ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ છે ભક્તિમાર્ગના મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ એવા બે ભેદ છે. આ બે પ્રકારનું બ્રહ્મસૂત્રના તૃતીય અધ્યાયના તૃતીય પાદના ૨૯માં સૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે. ૫૪.

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।५५।।

પછી હું તત્ત્વથી જેટલો અને જે છું તેમ મને ભક્તિથી જાણે છે. મને તત્ત્વથી જાણી પછી મારામાં પ્રવેશ કરે છે. ૫૫.

હવે ભક્તિથી શું થાય છે તે કહે છે. મને

એક નિર્ગુણ પુરૂષોત્તમને તત્ત્વથી જેટલો અને જે હું છું એટલે હું જેવા ઐશ્વર્ય વગેરે અનંત અલૌકિક ગુણવાળો, જેવા લીલાના પરિકરવાળો, પ્રાકૃત ગુણની સૃષ્ટિથી રહિત, બ્રહ્મ પરમાત્મા ભગવાન વગેરે નામોથી ઓળખાતો છું, તેમ મને મારી નિર્ગુણ ભક્તિથી જાણે છે. આ ભક્તિનો વિષય હું શ્રીપુરૂષોત્તમ નિર્ગુણ હોવાથી આ ભક્તિ પણ નિર્ગુણ છે. આવું મારૂં યથાર્થ જ્ઞાન થયા પછી મારામાં શ્રીપુરૂષોત્તમમાં જ તે પ્રવેશ કરે છે. સેવાફલમાં પણ શ્રીમદાચાર્યચરણે સેવાનાં ફલો કહેલાં છે તેમાં શ્રીપુરૂષોત્તમ સાથે સામુજ્ય કહેલું છે. ત્યાં સેવાના ત્રણ ફલ કહેલાં છે. (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય, (૩) વૈકુંઠ વગેરે સેવોપયોગી દેહ.

અથવા મૂલમાં, **'ज्ञात्वा विशते'** છે તેનો પદચ્છેદ **'ज्ञात्वा ऽऽविशते'** એમ કરવો. એનો અર્થ એવો થાય છે કે મારૂં શ્રીપુરૂષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મારા આવેશવાળો થાય છે. આ પ્રમાણે શ્રીશુકદેવમાં શ્રીપુરૂષોત્તમનો આવેશ થયેલો હોવાથી શ્રીભાગવત ૧૦-૧-૧૪ ઉપરના શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણે તેમને **'सभगवान्'** ભગવાનના આવેશવાળા કહેલા છે. તેથી બ્રહ્મભૂત શુકદેવજી એ પણ શ્રીપુરૂષોત્તમની ભક્તિથી તેમનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવાથી શ્રીપુરૂષોત્તમનો તેમનામાં આવેશ થયો એટલે તેમણે શ્રીપુરૂષોત્તમની લીલામાં પ્રવેશ કર્યો. તેથી જ 'શુક ભાવનાથી શ્રીગોકુલમાં રહી કહે છે' એમ શ્રીભાગવત ૧૦-૨૬-૧૬ ઉપરના શ્રીસુબોધીનીમાં કહેલું છે. તે ગંગાના તીરે પરીક્ષિતને શ્રીભાગવત કહેતા હોવા છતાં આમ કહી એમ દર્શાવેલ છે કે અક્ષરમાર્ગથી ભગવન્માર્ગ જૂદો છે, અને ભગવન્માર્ગમાં પ્રમાણ અને પ્રમેય પણ ભગવાન જ છે. આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૂત્ર ૩-૨-૧૧, ૩-૩-૨૭, ૩-૩-૨૯ તથા ૩-૩-૩૩ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત ૧-૨-૨૦ અને ૧૧-૨-૪૨ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ।।५६।।

મારો આશ્રય રાખી સદા સર્વ કર્મ કરનાર પણ મારા પ્રસાદથી શાશ્વત અવ્યય પદ પ્રાપ્ત કરે છે. ૫૬.

કર્મમાં કર્તૃત્વનું અભિમાન તથા તેના ફલની આકાંક્ષા રાખ્યા વિના માત્ર મારો ભગવાનનો જ આશ્રય રાખી અર્થાત્ 'અંતર્યામી ભગવાન જ પ્રેરણા કરે છે તેની ઇચ્છાથી કરેલું કર્મ બંધક થતું નથી' એમ મારો ભગવાનનો જ આશ્રય રાખી જે ભગવન્માર્ગીય પુરૂષ સ્વકીય ધર્મરૂપ લૌકિક વૈદિક સર્વ કર્મો કરે છે તે પણ મારી કૃપાથી અક્ષરબ્રહ્મરૂપી નિત્ય અવ્યય પદ પ્રાપ્ત કરે છે. અહિં મૂલમાં **'अवाप्नोति'** શબ્દ છે તેમાં **'अव'** ઉપસર્ગ છે, તેનો ભાવાર્થ એવો છે કે ભક્તિથી શ્રીપુરૂષોત્તમનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે તો શ્રીપુરૂષોત્તમનું સાયુજ્ય ફલ પ્રાપ્ત થાય છે, પરંતુ તેમ નહિ કરતાં માત્ર મારો આશ્રય રાખીને જ કર્મો કરે તો અક્ષરબ્રહ્મરૂપી અવ્યય શાશ્વત પદ પ્રાપ્ત થાય છે. **(ક્રમશઃ)**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

શ્રીભાગવતાર્થપ્રકરણમ્

સ્કન્ધ પાંચમો : સ્થાન

અનુવાદકઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

અધ્યાય ૧૨-૧૩; વૈરાગ્યનો બોધ :

ત્યાર પછી બારમા અધ્યાયમાં અને ગૂઢ અર્થવાળા તેરમા અધ્યાયમાં પણ ભરતે રહૂગણને વૈરાગ્યનો બોધ કરેલો છે. ભક્તિનાં સાધન તરીકે આ વૈરાગ્યનો બોધ કરેલો છે. ભગવાનમાં જ પ્રેમ ઉત્પન્ન કરનાર વૈરાગ્યનો બોધ કરેલ હોવાથી તે ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય છે. યોગ અને વૈરાગ્ય એ બે બાહુઓથી અહીં ભક્તિનું નિરૂપણ કરેલું છે. આજ આ ઉપદેશથી પ્રાપ્ત થતું ફલ છે. ઉપદેશમાં સર્વ સ્થળે

''હે રહૂગણ ! ભક્તોના ચરણની રજને ધોયા વિના બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી'' (અ.૧૨।૧૨)

''હે રહૂગણ ! તું પણ હરિની સેવાથી ધારવાળી થયેલ તલવાર લઇ ભયરૂપ જંગલને વટી જા'' (અ.૧૩।૨૦)

''ગુરૂ અને હરિના ચરણની સેવારૂપ શસ્ત્રથી આત્માના સ્વરૂપનું જ્ઞાન ન થવા દેનાર શત્રુ મનનો નાશ કર'' (અ.૧૧।૧૭)

''ભગવાનનાં ચરિત્રોનાં કીર્તન તથા સ્મરણ થી મનુષ્ય મોહ દૂર કરી માર્ગને પાર જાય છે'' (અ.૧૨।૧૬)

– આવાં વાક્યોથી ભક્તિનું વર્ણન કરેલું હોવાથી તેમાં ભક્તિ જ મુખ્ય છે. તેથી ભગવાનનાં શાસ્ત્રને અનુસરતા યોગનો તેમાં ઉપદેશ કરેલો છે. ''બધા યોગીઓમાં પણ જે મારામાં અન્તઃકરણ રાખી શ્રદ્ધાવાળો થઇ, મારૂં ભજન કરે છે તેને હું સર્વથી ઉત્તમ યોગી જાણું છું'' (ભગ.ગીતા ૬।૪૭) એ વાક્યમાં ભગવાને પણ તે જ અર્થ કહેલ છે. તેથી ભગવાનમાં મનનો નિગ્રહ કરવો, બીજા બધામાં વૈરાગ્ય રાખવો, અને એ બે રાખી ભગવાનમાં સ્નેહ કરવો એમ કહેલું છે. યોગ અને વૈરાગ્ય; ભક્તિ કરાવનારા હોવાથી તેમને 'બાહુ' કહેલા છે (૭૫)

અધ્યાય ૧૪; ગૂઢ અર્થવાળા વાક્યોનું વ્યાખ્યાન :

અહીં અધ્યાય ૧૪ માં ગૂઢ અર્થવાળા વચન કહેલાં છે. ચોથા સ્કન્ધના અધ્યાય ૨૮ માં અને છઠ્ઠા સ્કન્ધમાં અધ્યાય ૫માં તેવાં જ ગૂઢ અર્થવાળાં વચનો કહેલા છે. આ સર્વ ગૂઢ અર્થવાળા વચનો અધિકારની પરીક્ષા કરવા માટે કહેલાં છે. આ સ્કન્ધમાં અધ્યાય ૧૩માં કહેલાં આવાં વચનો રહૂગણનો અધિકાર તથા પરીક્ષિતનો અધિકાર કેવા છે તે જણાવનારાં છે. પરીક્ષિતે આ ગૂઢ અર્થવાળાં વાક્યોનું વ્યાખ્યાન

શુકને પૂછયું (અ.૧૩।૨૬). શુકે તે વ્યાખ્યાન અધ્યાય ૧૪માં કર્યું, તેથી પરીક્ષિતે તે જાણ્યું.

શંકા : ગૂઢ અર્થવાળાં વાક્યોમાં કહેલા અર્થનું જ્ઞાન થવાથી મુખ્ય અધિકાર પ્રાપ્ત થાય. શુકે વ્યાખ્યાન કર્યું ત્યારે પરીક્ષિતે તે અર્થ જાણ્યો એટલે તેને રહૂગણના જેવું જ્ઞાન થવાથી તેની સમાન અધિકાર પ્રાપ્ત થયો- એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે વ્યાખ્યાન કરવાથી વાક્યના અર્થનું જ્ઞાન જ થાય. પરન્તુ તેથી અધિકાર પ્રાપ્ત ન થાય. જેમ કોઇ એક વિરહવાળી સ્ત્રી પોતાના જેવી જ પોતાના પતિ ઉપર પ્રીતિ રાખનારી પોતાની શોક્યને કહે કે ''સ્વચ્છંદી મધુપ હવે બાળે છે'' ત્યારે બીજી કોઇ સ્ત્રીને તેનો અર્થ પૂછે અને તે સ્ત્રી એ વાક્યમાં પોતાના પ્રિય (પતિ)ને મધુપ કહેલો છે એવું વ્યાખ્યાન કરે, છતાં પણ પૂછનારી સ્ત્રીને તેથી વિપ્રયોગ રસનો અધિક અનુભવ થતો નથી કારણ કે તેનામાં તે સમજવાના અધિકારરૂપ પ્રીતિ નથી તેમ જ તે તટસ્થ સ્ત્રીને તે વ્યાખ્યાનથી પ્રીતિ ઉત્પન્ન થતી નથી તેવું જ અહીં પણ સમજવું. વળી અર્થ સમજવાથી અધિકાર પ્રાપ્ત થતો નથી પરન્તુ તેથી ઉલટું અધિકાર હોય તો અર્થ સમજાય છે. આવાં ગૂઢ અર્થવાળા વાક્યો અધિકારની પરીક્ષા કરવા માટે જ કહેલાં છે, કારણ કે ઉપર જણાવ્યું તેમ ચોથા પાંચમા અને છઠ્ઠા એ ત્રણ સ્કન્ધોમાં તે અધિકારની પરીક્ષા થાય તે માટે કહેલાં છે.

અધિકાર ત્રણ પ્રકારનો હોવાથી એવાં વાક્યો ત્રણ સ્કન્ધોમાં કહેલા છે. તે પૈકી પહેલાં ચોથા સ્કન્ધમાં કહેલાં વાક્યો પ્રાચીનબર્હિષ સમજી ન શક્યો, કારણ કે તે કર્મમાં આસક્તિવાળો હોવાથી હીન (હલકા) અધિકારવાળો હતો. વચલાં આ સ્કન્ધમાં કહેલાં ગૂઢ અર્થવાળા વાક્યો સમજવાં સહેલાં હોવાથી મધ્યમ અધિકારવાળો રહૂગણ તે સમજી શકયો. તે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો હતો, અને કર્મમાં આસક્તિ રહિત હતો, છતાં પણ તેને અભિમાન હતું. ઘરનો તથા રાજ્યનો તેણે ત્યાગ કર્યો ન હતો, અને જ્ઞાનનો ઉપદેશ લેવા પણ રાજસભાવને લીધે ઠાઠમાઠથી પાલખીમાં બેસી જતો હતો, તેથી તે મધ્યમ અધિકારવાળો હતો. છતાં ''જેનો પાર ન આવે તેવા માર્ગે રજોગુણ તમોગુણ અને સત્ત્વગુણ ના વિભાગવાળાં કર્મોમાં જ દૃષ્ટિ રાખનાર...'' (અ.૧૩।૧) વગેરે વાક્યોમાં સહેલાઇથી સમજી શકાય તેવી રીતે અર્થ કહેવાયેલ હોવાથી તે સમજી શક્યો, પરન્તુ પરીક્ષિત તો ગૂઢ અર્થવાળા વાક્યો સમજવાનો અધિકારી ન હતો. તેથી તે સમજી ન શકવાથી તેણે શુકને તે સમ્બન્ધી પ્રશ્ન કર્યો (અ.૧૩।૨૬). હર્યશ્વો તો મુક્તિના અધિકારી હોઇ ઉત્તમ અધિકારવાળા હતા, તેથી તેમણે તો નારદે કહેલાં ગૂઢ અર્થવાળા છઠ્ઠા સ્કન્ધના વાક્યોનું પોતે જ વ્યાખ્યાન કર્યું (૭૬-૭૮।।)

રહૂગણ અધ્યાય ૧૩ ના ગૂઢ અર્થવાળા વાક્યોનો અર્થ જાણતો હતો, ત્યારે ચૌદમા અધ્યાયમાં વ્યાખ્યાન વ્યર્થ છે - એવી શંકા થાય, તો જાણવું કે રહૂગણના અને પરીક્ષિતના અધિકારનો ભેદ જાણવાં તે કરેલું છે. રહૂગણે વ્યાખ્યાન વિના જે પોતાની મેળે જાણેલું તે વ્યાખ્યાન અહિં ચૌદમા અધ્યાયમાં કહેલું છે. મનનની પણ જરૂર ન રહે તેવી રીતે રહૂગણે તે વાક્યોનો અર્થ જાણ્યો. તેથી રહૂગણનો અધિકાર પરીક્ષિતના અધિકારથી ઉત્તમ હતો એમ જણાવવા પરીક્ષિતનો પ્રશ્ન અને આ વ્યાખ્યાન

કહેલ છે. શિષ્ય ઉત્તમ હોવાનું કહ્યું, તેથી તેનો ગુરૂ પણ ઉત્તમ હોવાનું કહેવાયું જ. અથવા ભરત ઉત્તમ ગુરૂ હોવાનું રહૂગણે તે વાક્યોનો અર્થ જાણ્યો. તેથી રહૂગણનો અધિકાર પરીક્ષિતના અધિકારથી ઉત્તમ હતો એમ જણાવવા પરીક્ષિતનો પ્રશ્ન અને આ વ્યાખ્યાન કહેલ છે. શિષ્ય ઉત્તમ હોવાનું કહ્યું, તેથી તેનો ગુરૂ પણ ઉત્તમ હોવાનું કહેવાયું જ. અથવા ભરત ઉત્તમ ગુરૂ હોવાનું રહૂગણે જ અ.૧૨।૧ તથા અ.૧૩।૨૧માં કહેલું છે અથવા શુકે જ અ.૭।૧ વગેરેથી ભરતનો રાજા તરીકેનો જન્મ ઉત્તમ હોવાનું કહેલું છે.

શંકા : સાક્ષાત્ ભગવાને જેનો દેહ બળી જતાં નવો દેહ પ્રાપ્ત કરાવેલો, જેને ભગવાનનાં દર્શન થયેલાં, અને વળી જે વંશનો ભગવાને અંગીકાર કરેલો તેવા વંશમાં જન્મેલો, ભગવાનની કલારૂપ નર અર્જુનનો પૌત્ર, બાદરાયણિએ (શુકે) જેના ઉપર કૃપા કરેલી અને જેને અધિકાર (પહેલા) સ્કન્ધમાં ઉત્તમ અધિકારી તરીકે વર્ણવેલો છે તેવો ભગવાનનો ભક્ત પરીક્ષિત તેવા બધા કોઇ ગુણ વિનાનાં રહૂગણના અધિકાર કરતાં ઓછા અધિકારવાળો હોવાનું અમે સ્વીકારી શકતાં નથી-એમ કહેવામાં આવે,

સમાધાન : તો ભલે, પરન્તુ ગુરૂ અને શિષ્યના પ્રકારથી ઉપદેશ કરવામાં આવતો હોય તેમાં મોક્ષ મેળવવા ઇચ્છનારને પોતાના આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી, આ મર્યાદમાર્ગીય પ્રાવાહિક અધિકારની વાત છે. તેથી જ ઉપર કહેલા બધાએ હર્યશ્વો (નારદે કહેલા ઉપદેશ) પહેલાં વૈરાગ્ય વિનાના અને પ્રજાની ઇચ્છા રાખનારા જ હતા. તેઓ એ નારદના *ઉપદેશનું શ્રવણ કર્યું તે પણ જ્ઞાનનાં સાધન તરીકે, ભગવાનની લીલા તરીકે નહિ. પરીક્ષિત તો લીલારૂપી અમૃતનું પાન કરવામાં ઉત્તમ અધિકારી હતો. તેથી જ શ્રીભાગવતનું શ્રવણ કરવા માંડયું તે પહેલાં જ તે ''શ્રીકૃષ્ણના ચરણની સેવાનો સર્વથી અધિક આદર કરનાર'' (૧।૧૯।૫) હોવાનું કહેલું છે, અને તેણે પોતે પણ ''તક્ષક મને ભલે બહુ જ દંશ કરે, તમે વિષ્ણુની કથાઓનું ગાન કરો'' (૧।૧૯।૧૫) ''આ જરાએ સહન થઇ ન શકે તેવી તરસ પણ મને પીડા કરતી નથી'' (૧૦।૧।૧૩) વગેરે વાક્યો કહેલાં છે. તેથી તે પુરૂષોત્તમનાં તત્ત્વને જાણવાની ઇચ્છાથી તેમની લીલાના રસમાં ડૂબેલાં મનવાળો હોવાથી જુદા-જુદા પુરૂષોને વૈરાગ્ય થાય તે માટે કહેલી શરીર સમ્બન્ધી અથવા સંસાર સમ્બન્ધી વાર્તાઓના સમ્બન્ધવાળી ગૂઢ અર્થવાળી વાર્તાઓ સમજી ન શકે તો પણ તેની કાંઇ ન્યૂનતા થતી નથી. વળી આ અ.૧૩-૨ થી આરંભી કહેલી વાર્તા જો તેણે ગૃહસ્થાશ્રમ ભોગવ્યો ત્યારે અનુભવેલી વાર્તા હોત, તો તેનું સ્મરણ થવાથી, તે પોતે અનુભવેલી વાર્તાની સમાન ગુણવાળી છે એવું જ્ઞાન થતાં, મળતી આવતી હોવાને લીધે તે સમજી શકત, પરન્તુ આ પરીક્ષિતની તો ઇન્દ્રિયો વગેરે ભગવાનનું ભજન કરવાનાં સાધનરૂપ હોઇ, તેને તેમનો મિત્ર વગેરેનાં સ્વરૂપથી જ અનુભવ થયો હોવાને લીધે, તે આ વાર્તા ન સમજે તે યોગ્ય જ છે. વળી પારકાંઓની વસ્તુઓની સ્થિતિનું જ્ઞાન નકામું પણ છે. **(ક્રમશઃ)**

।। सन्न्यास निर्णय ।।

टिका : गोस्वामी श्रीनृसिंहलालजी महाराजकृत



गतांकथी आगळ...

टीका : पश्चात्तापकी निवृत्तिकेलिये परित्यागको विचार कियो जाय हे। यहां भक्तिमार्गीय जो परित्याग हे तासूं दूसरे सर्वपदार्थन्को विचार करिके त्याग करनो। एसो विचार किये बिना परित्याग कियो होय तासूं जो पश्चात्ताप होय ताकी निवृत्ति के लिये भक्तिमार्गीय – परित्यागके विचारको प्रारम्भ करत हें, एसें कोउ कहत हें।

दूसरे एसें कहत हें जो कर्ममार्गीयन्कुं वृद्धपनो होय तोहु संसारसूं वैराग्य होयवेको सम्भव होय नाहीं हे, तासूं एसे कर्ममार्गीयन्के सङ्गकरिके कदाचित् भगवदीयहु एसें न होय जांय ताके सुखरूप जाको उपाय हे एसे सन्न्यासके निरूपणकी प्रतिज्ञा हे – एसें कहिके, शरीर अशक्त होय तब पूर्वदशाको स्मरण करिके वाके मनमें एसो विचार होय जो मैनें प्रथमतेंही भगवान्केलिये क्यों यत्न न कियो ? एसो जो भगवदीयन्कुं ताप होय सोही यहां 'पश्चात्ताप' शब्दसूं कह्यो जाय हे।

कितनेक एसे कहे हें जो भक्ति ओर ज्ञान मार्गमें साधनदशामें ओर सिद्धदशामें कर्तव्यपनेसूं परित्याग कह्यो हे। तामें साधनदशामें पूर्ण वैराग्य नाहीं होयवेसूं आछी भांति परित्यागको सम्भव नाहीं हे, तासूं पाषण्डिपनेके प्रसङ्गकरिके पश्चातापकेलियेही यह परित्याग होय एसो तारतम्य नाहीं जानते होंय एसे भगवदीयहु प्रथम परित्याग करिके पीछे तापयुक्त होंय। तेसें एसे तत्पर भगवदीयन्कुं देखिकें श्रीआचार्यचरण पश्चात्तापकुं प्राप्त होंय एसें दोउ प्रकारको पश्चात्ताप नाहीं होयवे के लिये यह प्रतिज्ञा हे।

कितनेक एसें कहत हें जो निबन्धमें आचार्यचरणन्नें त्रिदण्ड धारण करिवेकी आज्ञा करी हे सो बांचिके पुष्टिमार्गीय जीवहु सन्न्यासश्रमपनेसूं त्रिदण्डको ग्रहण करिके पश्चात्तापकुं प्राप्त होय ताकी निवृत्ति के लिये पुष्टिमार्गीय सन्न्यासके विचारको आरम्भ करत हें।

कितनेक तो एसें कहत हें जो श्रुतिप्रभृति प्रमाणकरिके सिद्ध एसे रसात्मक जो भगवान् ताको विरहात्मक भावको जो अनुभव सो सर्वात्मभावकरिके शरणागति होय तबही प्राप्त होय सो सर्वपरित्याग बिना होय नाहीं एसो त्यागको स्वरूप नाहीं जानिवेवारे जो पुष्टिमार्गीय जीव हें तिनकुं ज्ञानादिक मार्गन्मेंहु परित्याग कह्यो हे। तासूं संदेहयुक्त होंय विनकुं विनाविचारसूं परित्याग भयो होय सो पश्चात्तापके लिये ही होय, ताके अभावकेलिये विचारको आरम्भ हे – एसें कहत हें।

ओर श्रीपुरुषोत्तमजी महाराजने तो एसो

अभिप्राय कह्यो हे जो अन्तःकरणप्रबोधमें जो 'पश्चात्ताप' ओर 'परित्याग' पदको लेख हे सो जा अभिप्रायसूं हे सोही अभिप्राय यहां लेनो चाहिये। सो अभिप्राय एसो दीसे हे जो प्रभून्नें देह ओर देश के परित्याग विषयक जब श्रीआचार्यचरणन्कुं आज्ञा करी तब पुरःस्फूर्तिक विचारकरिके श्रीआचार्य-चरणन्नें जब वाको पालन नाहीं कियो। तब आपकुं पश्चात्ताप भयो। तब लोकत्याग विषयक तीसरी आज्ञा भई ता समय आप विचार करत हें जो भगवान् मेरी उपर प्रसन्न हें किंवा अप्रसन्न हें ? जो अप्रसन्न होंय तो मेरी उपेक्षाही करें, परन्तु आज्ञा नाहीं करें। ओर यहां तो तीसरी आज्ञा भई तासूं प्रसन्न हें एसो तो निश्चय होय हे। परन्तु प्रथम दोय आज्ञाको उल्लंघन कियेसूंहु प्रसन्न रहिवेको कहा कारण होयगो ? एसो विचार करिवे लगे तब श्रीभागवत्की सूक्ष्मटीकाकी निवृत्ति भई, तासूं दानरूप - देशत्याग ओर माधवभट्ट काश्मीरीकी देहनिवृत्तिसूं वृद्धिरूप - देहत्याग प्रभून्नेंही करवायो हे। तासूं प्रथमकी दोउ आज्ञा प्रभुन्नेंही सिद्ध करी दीनी हे। तेसें तीसरी आज्ञाको अभिप्रायहु जानिवेमें नाहीं आवत हे एसो निश्चय करिके, यद्यपि दोय आज्ञा सिद्धभई हे तथापि प्रभून्नें सिद्ध करी हे कछु आपने नाहीं करी, तासूं जो पश्चाताप भयो हे ताकी निवृत्ति केसें होय ? एसो विचार करिके तीसरी आज्ञा कहा विषयकी हे ? एसे विचारसूंही प्रथमकी दोय आज्ञा नाहीं करिवेको पश्चात्ताप भगवान् निवृत्त करेंगे एसो निश्चय करिके अपनी अवस्थाके सूचन पूर्वक परित्यागके निरूपणकी प्रतिज्ञा करत हें :

पश्चात्ताप-निवृत्त्यर्थं परित्यागो विचार्यते ।।

पश्चात्ताप-निवृत्त्यर्थं = पश्चात्ताप दूरि करिवेके अर्थ, परित्यागः = सम्पूर्ण त्याग, विचार्यते = बिचारत हें

भावार्थ : पश्चात्तापकी निवृत्तिकेलिये जो परित्याग हे ताको विचार कियो जाय हे।

टीका : अथ श्रीआचार्यचरण सन्न्यासनिर्णयग्रन्थको प्रारम्भ करत हें। यहां विचारको लिख्यो हे तासूं विधि-निषेध नाहीं हे। यदि विधानकी आज्ञा करते तो विधि निषेधसूं सबन्कुं कर्तव्यपनो आवतो तासूं विधान्की नाहीं करिके विचारकी आज्ञा करी हे।

स्वरूपसूं, साधनसूं ओर फलसूं भक्तिमार्गीय सन्न्यास तथा अन्यमार्गीय सन्न्यास पृथक्तया जानिवेमें आवे तो अन्यमार्गीय त्यागको स्वरूप तथा यहां जाको विचार होय हे ताको तारतम्य जान्यो जाय ताके लिये प्रथम अन्यमार्गीय त्यागकुं कहत हें :

स मार्गद्वितये प्रोक्तो भक्तौ ज्ञाने विशेषतः ।।१।।

सः = वो, विशेषतः = विशेषकरिके, भक्तौ = भक्तिमें (च = ओर), ज्ञाने = ज्ञानमें (इति = एसें), मार्गद्वितये = दो मार्गमें, प्रोक्तः = कह्यो हे

भावार्थ : सो त्याग भक्तिमार्गमें ओर ज्ञानमार्गमें विशेषकरिके एसें दोय मार्गन्में कह्यो हे।

टीका : विशेषसूं त्याग, पुष्टिमार्गमें रासमण्डल-मण्डनभूत जो व्रजभक्त हें विननेंही कर्यो हे। तासूं ''सब विषयन्कुं छोडिकें हम आपके चरणारविन्दके मूलप्रति प्राप्त भये हें'' एसें फलप्रकरणके प्रथमाध्यायमें व्रजभक्तन्नें कह्यो हे। ओर विनकी लीलामेंही चतुर्थाध्यायमें व्रजभक्तन् प्रति प्रभून्नें कह्यो हे जो ''मेरे लियेही लोक वेद ओर सम्बन्धीन् को तुमने त्याग कियो हे'' वहां विशेषसूं त्याग कह्यो हे।

तेसेंही ज्ञानमार्गमेंहु परित्याग विशेष(रूप)सूं कह्यो हे। तामें एक विविदिषा सन्न्यास ओर एक विद्वत्-सन्न्यास एसे भेदसूं ज्ञानमार्गके शास्त्रमें निरूपण

कियो हे। तासूं 'विशेषतः' एसें कह्यो हे ।।१ ।।

ज्ञान, कर्म ओर भक्ति एसें तीन मार्ग एकादशस्कन्धमें भगवान्‌नें कल्याण करिवेवारे कहे हें तामे कर्ममार्गहु गिन्यो हे। तासूं कर्ममार्गमेंहु परित्यागकी प्राप्ति होय हे एसी आशंका करिके ताको निषेध करत हें :

कर्ममार्गे न कर्तव्यः सुतरां कलिकालतः ।।
अत आदौ भक्तिमार्गे कर्तव्यत्वाद् विचारणा ।।२ ।।

कर्ममार्गे = कर्ममार्गमें, कलिकालतः = कलिकाल होयवेसूं, सुतरां = विशेष करिके न = नाहीं, कर्तव्यः = करिवे योग्य हे, अतः = या कारणसूं, भक्तिमार्गे = भक्तिमार्गमें, आदौ = प्रारम्भमें, कर्तव्यत्वात् = करिवेयोग्य होयवेसूं, विचारणा = विचार (क्रियते = करे हें)

भावार्थ : कलिकाल होयवेसूं कर्ममार्गमें तो परित्याग कर्त्तव्य नाहीं हे। अब दोय मार्ग रहे, तामें प्रथम भक्तिमार्गमें कर्त्तव्यपनो होयवेसूं ताको विचार होय हे।

टीका : इतनें, कर्ममार्गमें यावज्जीवन अग्निहोत्र करिवेको विधि होयवेसूं सन्न्यास ग्रहणकरिवेको समय नाहीं आवत हे। यद्यपि "आयुष्यको चतुर्थभाग सन्न्यासश्रम करिके व्यतीत करनों" एसें कोउ स्थलमें कह्यो हे, तथापि कलिदोषकरिके मनुष्यन्‌को अल्पसामर्थ्य होयवेसूं ओर चतुर्थभाग आयुष्यको अतिजराव्याप्त होयवेसूं आश्रमधर्म अतिकष्टसूंहु सिद्ध होई सके नाहीं। तासूं विपरीत फलसाधकपनो होय। एसें ज्ञानमार्गमें कर्त्तव्यता ओर कर्ममार्गमें अकर्तव्यता जतायकें भक्तिमार्गमें कर्त्तव्यप्रकारको विचार करत हें।

भक्ति ओर ज्ञान एसें दोय मार्गमें कर्त्तव्यता कही हे. तामें प्रथमश्लोकमें प्रथम भक्तिमार्गमें कर्त्तव्यता कही हे तासूं ताको विचार करत हें. इतनें, (परित्याग) कब करनो ? केसें करनो ! ओर क्यों करनो ? ताको विचार करत हें ।।२ ।। **(क्रमशः)**

પુષ્ટિચિન્તન

ડો. જયેન્દ્ર સોની



(ગતાંકથી આગળ...)

સ્વધર્માચરણ

આપણા પુરાણો એવા ચરિત્રોની અનેક કથાઓથી ભરેલાં છે. જેમાં કોઇ વ્યક્તિએ શબ્દો ઉચ્ચાર્યા અને તાત્પર્ય વાસ્તવિકતા બની જાય છે. ઋષિના શબ્દોચ્ચાર - 'આજથી સાતમા દિવસે આ દુષ્કૃત્ય કરનારનું મૃત્યુ તક્ષકનાગના દંશથી થશે' અને તે પછીની રાજા પરીક્ષિતની કથા જગજાહેર છે. વરદાન અને શ્રાપના અને દૃષ્ટાંતોમાં એ શબ્દબ્રહ્મનું સાતત્ય અને તેના ઉચ્ચારકોનું સામર્થ્ય જ કારણભૂત રહેલાં છે. આ સાતત્ય અને સામર્થ્ય ધરાવનાર વ્યક્તિત્વમાં તે ત્યારે જ પ્રગટ થઇ શકે છે, જ્યારે તે મન-વચન અને કર્મની એકરૂપતા સાધી ભગવત્ ચિંતન દ્વારા શ્રીપ્રભુને નિજહૃદયમાં ધારણ કરે છે.

'વૈશ્વાનર' શબ્દને સાર્થક કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી તો સ્વયં જ ભગવન્ મુખારવિન્દ અવતાર અથવા ભગવદ્ સ્વરૂપ હતાં અને આજે પણ નિજવંશમાં સ્વયં બિરાજી શબ્દબ્રહ્મને તાદૃશ કરવાનું સામર્થ ધરાવે છે.

બ્રહ્મસંબંધની દીક્ષાની પ્રક્રિયાથી જીવ દોષમુક્ત થતાં ભગવત્સેવાનો અધિકારી બને છે તો સાથે સાથે સર્વ સમર્પણ અને દાસત્વના સ્વીકાર સાથે 'ભગવત્સેવા' તેનો આવશ્યક ધર્મ બની રહે છે. અહીં પણ શબ્દબ્રહ્મ પ્રગટ કરવાના સામર્થ્યને કારણે કોઇ મૂર્તિ કે ચિત્રમાં મંત્રોચ્ચાર દ્વારા પુરૂષોત્તમનો આવિર્ભાવ કરી શ્રીવલ્લભ જ્યારે જીવને માથે સેવ્ય સ્વરૂપ પધરાવી તેમની સેવા કરવાની આજ્ઞા આપે છે ત્યારે તે સ્વરૂપમાં પ્રગટ પ્રભુ જીવ દ્વારા સમર્પવામાં આવતી પ્રત્યેક વસ્તુનો પ્રત્યક્ષ સ્વીકાર કરી તેને પોતાની રસાનુભૂતિ કરાવવાનો અનુગ્રહ કરે છે. આમ સેવાની પ્રક્રિયામાં પણ શબ્દબ્રહ્મ કે નાદબ્રહ્મની મીમાંસા જ કારણભૂત બને છે.

જીવનનું ધ્યેય જો ભગવદ્ પ્રાપ્તિ જ હોય તો બ્રહ્મસંબંધના વાસ્તવિક તાત્પર્યને જાણી તેની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેનો સ્વીકાર મનુષ્યને લક્ષ્ય પ્રાપ્તિ તરફ દોરી જઇ શકે છે.

બ્રહ્મસંબંધ મંત્રને 'નિવેદનમંત્ર' પણ કહે છે. આ મંત્ર દ્વારા જીવાત્મા ભગવાન પાસે નિવેદન-પ્રતિજ્ઞા કરે છે. આ મંત્રમાં ૮૪ અક્ષર છે. '૮૪' અંકની વિશિષ્ટતા છે. જીવ યોનીની કુલ સંખ્યા ૮૪ શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે. ૮૪ અક્ષરો ૮૪ લાખ યોનીનાં ચક્કરોનું સુચન કરે છે. ફરી એ યોનિ ચક્રમાં ફસાવું ન હોય તો ૮૪ અક્ષરના મંત્રથી પ્રભુને સમર્પિત થવું જરૂરી છે. ભગવદ્ સ્વરૂપ દ્વાદશાંગ છે. પ્રત્યેક અંગમાં શ્રીપ્રભુના છ ધર્મો અને ધર્મીસ્વરૂપ વિદ્યમાન છે. તેથી ૧૨×૭=૮૪. આમ ૮૪ અક્ષરના નિવેદન

મંત્રથી સમર્પિત જીવને આ દેહેજ ભગવાત્પ્રાપ્તિ થઇ શકે છે.

સત્સંગનો મહિમા

ભગવદ્ ભક્તોનો સંગ એટલે 'સત્સંગ' અને ભગવાનથી બહિર્મુખ લોકોનો સંગ તે 'દુ:સંગ'. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આજ્ઞા કરી નથી, બલ્કે ગૃહમાં રહી ગૃહસ્થાશ્રમના ધર્મનું પાલન કરતાં પરિવારજનો સાથે ભગવદ્સેવાનો રાહ ચિંધ્યો છે.

મનુષ્યની પ્રત્યેક પ્રવૃત્તિ પાછળનો હેતુ સુખની શોધ કે આનંદની અનુભૂતિ કરવાનો હોય છે. આપણે સવારથી રાત સુધી જે કાંઇ કરીએ છીએ શાંતિ અને સુખ મેળવવા માટે કરીએ છીએ. સુખ અને શાંતિ પામવાના આપણા અનેક પ્રયત્નો હોવા છતાં કોઇને કોઇ વાતનું દુ:ખ આપણને હંમેશા રહ્યા કરતું હોય છે, મનમાં કાયમ, અશાંતિ રહ્યાં કરે છે. ભૌતિક સુખોના ભોગથી આપણે સાચો આનંદ પ્રાપ્ત કરી શકતાં નથી. આપણને ખાવાનો શોખ હોય, પરંતુ વધુ ખવાઇ ગયું તો અકળામણ થવા માંડે. દાગીનાનો શોખ હોય તો સાથે તેને સાચવવાની ચિંતા સતાવે. રમતમાં આનંદ મેળવવાની કોશિષ કરી પરંતુ પ્રતિસ્પર્ધી સાથે ઝઘડો થતાં આપણો આનંદ નદારદ. આ બધી બાબતોનો વિચાર કરતાં આપણને સમજાશે કે તેમાં સાચું સુખ કે શાંતિ હોતી નથી. હકીકતમાં સુખ કે શાંતિ બહારથી મળતાં નથી. પરંતુ તે આપણાં અંત:કરણમાંથી મળે છે.

અંત:કરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. મન સૌથી વિશેષ ચંચળ અને અસ્થિર છે. તે જ્યાં ત્યાં ભટક્યા કરે છે. ક્ષણવારમાં તે કોઇ એક સ્થાને હોય તો ઘડીકમાં અન્ય કોઇ વસ્તુમાં એ આસક્ત થાય છે. નવા ભોગ ભોગવાના વિચારો આવે છે. કોઇ નવી વસ્તુમાં તે આસક્ત થાય છે.

ગીતાજીમાં સમજાવવામાં આવ્યું છે કે મન ક્યારેય એકલું રહેતું નથી. તે કાયમ કોઇકનો સંગ ઇચ્છે છે. કોઇને કોઇ બાબતમાં તે પરોવાયેલું રહે છે. જ્યારે તે કોઇકની પાસે એક વસ્તુ જુએ ત્યારે તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગે છે. જો ઇચ્છાઓ સંતુષ્ટ ન થાય તો અસંતોષના કારણે મનમાં અશાંતિ ઉભી થાય છે. સંગદોષના કારણે મનમાં કામ જાગ્રત થાય અને કામ ન સંતોષાય તો ક્રોધ ઉત્પન્ન થાય. ક્રોધની સાથે સાથે લોભ પણ વધે છે. કામ-ક્રોધ અને લોભ એ ત્રણે ભેગા થઇ મનમાં મોહ જન્માવે છે, જેના પગલે મદ અને મત્સર આવે છે. આમ આ સમગ્ર પ્રક્રિયાને જોઇએ તો સંગના કારણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છએ પ્રકારના વિકારોથી મનુષ્ય ગ્રસીત થઇ જાય છે, જે અંતે વિનાશને નોતરે છે. માટે જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં ઉપદેશ આપ્યો છે કે 'તમારા મનને કોઇનો સંગ થવા દેશો નહીં.' આજ વાત શ્રીમહાપ્રભુજી આપણને પંચશ્લોકી ગ્રંથમાં સમજાવે છે કે 'સંગથી દૂર રહેવું જોઇએ, આપણી સર્વશક્તિથી સંગનો ત્યાગ કરવો જોઇએ.'

પરંતુ આપણે જાણીએ છીએ કે સામાન્યત: આપણે સંગનો ત્યાગ કરી શકતા નથી. જાણે અજાણે, જાગતાં અને સૂતાં આપણે અનેક લોકોનો અને વસ્તુઓનો સંગ કરતાં હોઇએ છીએ.

તો આનો ઉપાય શું? એ એક વિચારણીય પ્રશ્ન બની જાય છે. શ્રીમહાપ્રભુજી આ મુંઝવણનો

રસ્તો આપણને બતાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે સંગ જ્યારે આવશ્યક અથવા સહજ મનોવ્યાપાર છે તો તમે વિચારપૂર્વક નિર્ણય કરો કે આપણે કોનો સંગ કરવો અને કોનો ન કરવો. જેમના વિચારો દુષ્ટ છે, જેઓ કેવળ વિષયભોગોમાં જ પ્રવૃત છે, જે લોકો ભગવાનથી તદ્ન વિમુખ છે, તેઓનો સંગ હંમેશા ટાળવાનો પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે આવા લોકોના સંગ આપણા મનને બગાડનાર હોય છે, આપણા ભગવદ્ ભાવને નષ્ટ કરનાર હોય છે.

તો સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે આપણે કેવાઓનો સંગ કરવો? શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે એવી વ્યક્તિઓ જે સદાચારી છે, ભગવદ્ ભક્તો છે, ભગવદ્ ચિંતનમાં સદૈવ પ્રવૃત્ત રહે છે, તેવાઓનો સંગ કરવાથી આપણા મનને સાચી દિશા મળશે. આપણે બહિર્મુખ થતાં અટકીશું. તેવા સત્પુરૂષો આપણને ષડદોષ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરથી ગ્રસ્ત થતાં અટકાવશે.

ભગવદ્ ભક્તોનો સંગ એટલે 'સત્સંગ' અને ભગવાનથી બહિર્મુખ લોકોનો સંગ તે 'દુ:સંગ' કહેવાય. આ વાતને શ્રીહરિરાય મહાપ્રભુએ શિક્ષાપત્રમાં ખૂબ સારી રીતે સમજાવી છે. જેમના મનમાં વિષયવાસનાના વિચારો આવે, લૌકિકતાના વિચારો આવે, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિરૂદ્ધવાત કરનારા હોય કે જેઓ ભગવાનથી વિપરીત વિચારો ધરાવતાં હોય, તેવા લોકોનો સંગ 'દુ:સંગ' કહેવાય. આવા લોકોનો સંગ એ આપણા મનને બગાડનારો છે, તેને અવળી દિશામાં લઇ જનાર હોય છે. આનાથી વિપરીત, એવા ભગવદીયોનો સંગ જેઓનું આચરણ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત મુજબ હોય, જેઓ શ્રીઠાકોરજીનું નિરંતર સેવા સ્મરણ કરતાં હોય, જેઓ આપણા ભગવદ્ભાવને વધારવામાં સહાયક બની શકતા હોય, તેવા લોકોના સંગને સત્સંગ કહેવાય.

દુ:સંગ અને સત્સંગના સ્વરૂપને સમજાવવા શ્રીહરિરાયજી એ ખૂબ સુંદર ઉદાહરણ આપ્યું છે. તેઓ એ સમજાવ્યું છે કે જેમ પાણીને ગરમ કરવા અગ્નિ ઉપર એક વાસણ મુકી તેમાં પાણી ભરવું જોઇએ. જો પાણીની ધાર વાસણ રાખ્યા વગર અગ્નિ ઉપર કરવામાં આવે તો પાણી તો ગરમ ન થાય પરંતુ અગ્નિ ઓલવાઇ જાય. અહીં આપણો ભગવદ્ ભાવ એ અગ્નિ સ્વરૂપ છે, જ્યારે પાણી દુ:સંગનું રૂપક છે. આપણા ભગવદ્ ભાવને દુ:સંગની અસરથી બચાવવું હોય તો સત્સંગ રૂપી પાત્ર આવશ્યક છે. નિત્ય સત્સંગને જો આપણે દૈનિક જીવનમાં મહત્વનાં અંગ તરીકે અપનાવેલ હશે તો દુ:સંગની અવળી અસર આપણા પર થઇ શકશે નહીં, તે આપણા ભગવદ્ ભાવને નષ્ટ થવા દેશે નહીં. **(ક્રમશ:)**



શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્

(શ્રીરઘુનાથજી કૃત 'નામચન્દ્રિકા' ટીકાસાથે)

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

શતાનન્દઃ ।।૩૩૫।।

૧. સો પુત્રો છે આનન્દરૂપ જેમને, ૨. સો પુત્રોથી આનન્દમેળવનાર, ૩. સેંકડો; ઘણા આનન્દસ્વરૂપ એવા પ્રભુ.

પરમાત્મામાં અનન્ત ગણો આનન્દ છે, કેમકે એ પોતે આનન્દમય જ છે. શ્રુતિમાં કહે છે કે **''સ એકો બ્રહ્મણ આનન્દઃ''** (તે એક પરમાત્માનો આનન્દમાત્ર જ છે) આ સર્વ વિશ્વની રચના એ કેવળ પ્રભુનો આનન્દ જ છે. તેથી શત-સેંકડો ઘા આનન્દમય સ્વરૂપવાન્ એવા ભગવાન્ એમ પ્રતિપાદન કરે છે.

ગુણપ્રસુઃ ।।૩૩૬।।

ગુણને જન્મ આપનાર.

ગુણી અને ગુણનો પરસ્પર અભેદ છે. જેથી અહીં ગુણને પ્રકટાવનાર એટલે સર્વ ગુણશાલી આનન્દનિધાન ભરત નામના પુત્રને પ્રકટ કરનાર એવા પ્રભુ એમ સમજવું. આ સ્કન્ધના ૪ થા અધ્યાયમાં જણાવે છે કે **''યેષાં ખલુ મહાયોગી ભરતો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠગુણ''** ઋષભદેવને સો પુત્ર થયા, તેમાં સર્વથી મોટા મહાગુણશાલી ભરતજી હતા, તેને જ ઉદ્દેશી આ નામ કથન કરે છે.

વૈષ્ણવોત્પાદનપરઃ ।।૩૩૭।।

૧. વૈષ્ણવ ભરતજીને ઉત્પન્ન કરી વૈષ્ણવ ધર્મને પૂર્ણ કરનાર,

૨. વૈષ્ણવોમાં ભક્તિનો ઉદય કરનાર,

૩. વૈષ્ણવોને માટે જ પોતાનું પ્રાકટ્ય છે એવા પરમાત્મા શ્રીકૃષ્ણ.

સર્વધર્મોપદેશકઃ ।।૩૩૮।।

સર્વ ધર્મનો ઉપદેશ કરનાર.

સર્વ સાંસારિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિ પ્રાપ્ત કરાવે તેવા સર્વ ધર્મનો બ્રહ્મર્ષિઓ દ્વારા પોતે જ ઉપદેશ કરનાર છે. ઋષભદેવે બ્રહ્મર્ષિઓની મહાન સભામાં પોતાની સર્વ પ્રજાને તેમ પોતાના પુત્રોને બ્રહ્મર્ષિઓ દ્વારા અને પોતે પણ સર્વ ધર્મનો ઉપદેશ આપતા હતા. એમ આ સ્કન્ધના ૪ થા અધ્યાયમાં સ્પષ્ટ છે. એટલે અહીં સર્વ ધર્મનો ઉપદેશ કરનાર પ્રભુ એમ કહે છે.

પરહંસક્રિયાગોપ્તાયોગચર્યાપ્રદર્શકઃ ।
ચતુર્થાશ્રમનિર્ણેતાસદાનન્દશરીરવાન્ ।।૩૩।।

પરમહંસક્રિયાગોપ્તા ।।૩૩૯।।

પરમહંસની ક્રિયાનું રક્ષણ કરનાર, પરમહંસના વિષયમાં ક્રિયાઓને દૂષિત કરનાર.

પરમહંસ અર્થાત્ ચતુર્થાશ્રમીઓનું ક્રિયારૂપ સમ્પત્તિઓને રક્ષણ કરનાર આપ શ્રીકૃષ્ણ છો. તેમ તેમની ક્રિયાને-કર્મમાર્ગને દૂષિત-દોષયુક્ત ઠરાવનાર પણ આપ પ્રભુ જ છો. ચતુર્થાશ્રમીઓને કાંઈ પણ કર્મ હોતાં નથી. કેમ કે તેઓએ પોતાનાં સર્વ કર્મો ભગવાન્ને સમર્પણ કર્યા છે. એટલે તેમને કર્મ કરવાની આવશ્યક્તા જ નથી. તેમ છતાં જો અહં-મમત્વ માની કર્મ કરે છે. તો એ દોષવાન્ મનાય છે. માટે કર્મરહિત બનેલા પરમહંસ ભક્તોની ક્રિયાઓને પ્રભુ દૂષિત-દૂષણયુક્ત બનાવનાર છે. એ જ તેમની પરમહંસ સમ્બન્ધી ક્રિયાઓનું રક્ષણ છે.

યોગચર્યાપ્રદર્શકઃ ।।૩૪૦।।

ભક્તિયોગના આચરણને પ્રવૃત્ત કરનાર-વિસ્તારનાર.

ચતુર્થાશ્રમનિર્ણેતા ।।૩૪૧।।

ચતુર્થાશ્રમ-સંન્યસ્તાશ્રમના નિર્ણયોને-સિદ્ધાન્તોને વિવેચન કરનાર, સ્પષ્ટ રીતે દર્શાવનાર એવા પરમાત્મા.

સદાનન્દશરીરવાન્ ।।૩૪૨।।

૧. નિરન્તર જેમનું આનન્દમય સ્વરૂપ છે એવા,
૨. સત્ય અને આનન્દમય શરીરધારી એવા શ્રીપુરુષોત્તમ.

પ્રભુનું આનન્દમય સ્વરૂપ છે એમ વારંવાર જણાવી ગયા, છતાં તેને પુનઃ પુનઃ દૃષ્ટિભૂત કરે છે કે પરમાત્માનું શરીર જ સદા આનન્દરૂપ જ છે. જ્યાં-જ્યાં તેમના અવયવોનું અવલોકન કરીએ ત્યાં-ત્યાં આનન્દ-આનન્દ ભાસ્યા કરે છે. વ્યાસચરણ આજ્ઞા કરે છે કે **''આનન્દમાત્રકર-પાદમુખોદરાદિઃ''** (કેવળ આનન્દમય જ જેમને હાથ, પગ, મુખ, ઉદર વગેરે છે) એ સિવાય વેદ, ગીતા વગેરેમાં અનેક સ્થળે ભગવાન્નું આનન્દમય સ્વરૂપ સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે. વિસ્તૃત થવાના ભયથી, તેમ ઘણે સ્થળે આ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે તેથી વધારે પિષ્ટપેષણ કરતા નથી.

પ્રદર્શિતાન્યધર્મશ્ચ ભરતસ્વામ્યપારકૃત્ ।
યથાવત્કર્મકર્તા ચ સંગાનિષ્ટપ્રદર્શકઃ ।।૭૪।।

પ્રદર્શિતાન્યધર્મઃ ।।૩૪૩।।

બીજાઓને ધર્મ દર્શાવનાર અર્થાત્ ધર્મમાં તેમની પ્રવૃત્તિ થાય તેવી રીતે તેમનામાં ધર્મનું સ્થાપન કરનાર એવા પ્રભુ.

ભરતસ્વામી ।।૩૪૪।।

ભરતજીના સ્વામી-પાલક.

સો પુત્રમાં સર્વથી મોટા ભરતજી તેમના સ્વામી એટલે તેમને સારું શિક્ષણ આપનાર. આ સ્કન્ધના ૫ મા અધ્યાયમાં **''સ્વતનયશતજ્યેષ્ઠ પરમભાગવતં ભરતં ધરણીપાલનાયાભિષિચ્ચે''** ''ભગવાન્ ઋષભદેવે પોતાના સો પુત્રમાં સૌથી મોટા પરમ ભગવદ્ભક્તભરતજીને શિક્ષણ આપી પૃથ્વીનું પાલન કરવા રાજ્યાભિષેક કર્યો'' એમ જણાવ્યું છે. જેથી ભરતના ઋષભદેવ સ્વરૂપ ધારી ભગવાન્ શ્રીકૃષ્ણ એમ કહ્યું.

અપારકૃત્ ।।૩૪૫।।

પાર વિનાના સંસારરૂપી સાગરને છેદનાર અર્થાત્ અપાર સંસારસાગરને તરાવનાર જન્મ-મરણથી મુક્ત કરનાર એવા પરમાત્મા. પ્રભુકૃપા પ્રાપ્ત થાય તો જ સંસારસાગર તરાય છે નકર નહિ. માટે અપાર સંસાર સિન્ધુને તરાવનાર-સંસારથી મુક્ત કરનાર એવા પ્રભુ એમ કહ્યું.

યથાવત્કર્મકર્તા ચ ।।૩૪૬।।

જે પ્રકારે વેદશાસ્ત્રમાં કર્મો કથન કરવામાં આવેલાં છે તેવાં જ શ્રૌત, સ્માર્ત્ત કર્મોને કરનાર એવા પ્રભુ. આ સ્કન્ધના અ. ૭ માં ભરતજીએ વેદોક્ત કર્મથી ભગવદ્ યજ્ઞ કરનાર પોતે પ્રભુ જ છે.

संगानिष्टप्रदर्शकः ।।३४७।।

૧. સંગથી અનિષ્ટ-અનર્થને દર્શાવનાર, ૨. સંગના અનર્થને દર્શાવનાર.

ભગવદીય જનની સંગતિ સિવાય બીજા સંગો કરવાથી મહાન અનર્થ થાય છે. ગીતાજીમાં પોતે શ્રીમુખથી આજ્ઞા કરે છે કે **''संगात् सञ्जायते कामः''** (સંગથી કામ-વિષયોની કામનાઓ ઉત્પન્ન થાય છે) પછી કામથી ક્રોધ વગેરે પ્રકટ થઈ છેવટે આત્મનાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. સર્વનું મૂળ સંગ છે, માટે જ તેવો સંગ અનર્થકારક છે એમ પ્રભુ પ્રત્યક્ષ રીતે દર્શાવે છે. ૮માં અધ્યાયમાં મહાત્મા યોગી ભરતજીને પણ મૃગના સંગ માત્રથી જ મૃગજન્મ, વિપ્રજન્મ લેવા પડ્યા છે. જ્યાં સંગથી વિરાગવાન્ યોગનિપુણ મહાત્મા ભરતજીની પણ આવી સ્થિતિ થઈ છે ત્યાં સંસારમાં અનુરાગ રાખનાર પામર જીવોની તો શું ગતિ ? જેથી નિરન્તર સંગથી દૂર રહી, ભગવદીય જનોનો સમાગમ કરી, ભગવદ્ભાવ સ્થિર કરવો. ભરતજીને એ પ્રમાણે સંગનું અનિષ્ટ ફલ દેખાડનાર આપ ભગવાન્ છે.

आवश्यकपुनर्जन्मकर्ममार्गप्रदर्शकः ।
यज्ञरूपमृगःशान्तःसहिष्णुःसत्पराक्रमः ।।७५।।
आवश्यकपुनर्जन्मकर्ममार्गप्रदर्शकः ।।३४८।।

અવશ્ય થનારા અન્ય જન્મ માટે કારણભૂત રહેલા કર્મમાર્ગને દર્શાવનાર એવા પ્રભુ.

આ પ્રમાણે અવશ્ય કર્મો માટે પુનર્જન્મની જરૂર છે. કર્મ એટલું બધું પ્રબળ છે કેલેશ પણ કર્મ કરવાં બાકી રહી ગયાં હોય, તો તે કર્મ ભોગવવા અન્ય જન્મ લેવો પડે છે. મહાત્મા ભરતજી જેવાને મૃગસંગ થઈ ભગવદાસક્તિ છૂટી જવી અને મૃગશરીરમાં જન્મ થવો, ફરીથી પાછો બ્રાહ્મણ શરીરમાં જન્મ થવો વગેરે થયું તે તેમનાં કર્મો એક જન્મમાં નહિ ક્ષય પામેલાં હોવાથી અન્ય જન્મ પ્રાપ્ત કરવાની આવશ્યક્તા હતી, માટે પ્રભુએ તેમને મૃગજન્મ, વિપ્રજન્મ આપી કર્મોને દર્શાવી ત્યાર પછીથી મોક્ષ આપ્યો છે, તેથી જ અન્ય જન્મનાં કર્મોને દર્શાવનાર પ્રભુ એમ કહે છે.

यज्ञरूपमृगः ।।३४९।।

યજ્ઞમાં બલિદાન આપવાને મૃગરૂપ એવા ભગવાન્ જડભરત.

ભીલોએ ભદ્રકાલીનું પૂજન કરવા કરેલા યજ્ઞની સમાપ્તિમાં બલિદાન આપવા માટે શોધ કરતાં મળી આવેલાં મૃગરૂપ-મૃગજન્મ પ્રાપ્ત કરનાર જડભરતજી. જડભરત પોતે ભગવાન્ના પરમ ભક્ત છે, માટે ભગવત્સ્વરૂપ જ છે. એટલે યજ્ઞમૃગ રૂપ જડભરત સ્વરૂપધારી એવા (બ્રાહ્મણજન્મધારી) પરમાત્મા, આ નામથી ભરતજીના મૃગજન્મનું તેમ વિપ્રજન્મનું સૂચન કરે છે.

शान्तः ।।३५०।।

શાન્ત એવા ભગવાન્.

ભીલો બાંધીને ભદ્રકાળીના સમીપમાં જડભરતજીને બલિદાન આપવા લઈ ગયા, છતાં પણ જે લેશ પણ ક્રોધ પામ્યા હતા નહિ કેમકે સર્વત્ર બ્રહ્મભાવ થવાથી દેહાભિમાન, જન્મ, મરણ, વગેરે કાંઈ પણ તેમને હતું નહિ. કેવળ પરબ્રહ્માનન્દમાં જ મગ્ન હતા. માટે શાન્ત સ્વરૂપધારી ભગવાન્ એમ કહ્યું. **(क्रमशः)**

तत्वार्थदीपनिबन्धान्तर्गत

सर्वनिर्णयप्रकरण

टीकाकार: सांचोरा श्रीगोकुलदासजी



ગતાંકથી આગળ...

स्वाध्यायेन तथा कृत्या तपसा मानसा मखाः।।
अत्यावश्यकमेतद्धि चतुर्णां तत् पृथक्-पृथक्।।१९४।।
श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात्।।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।।१९५।।

तहां केवल अन्नको ही नियम नहिं हे. किन्तु ब्रह्मचारीकों गुरुसेवा करनो, गृहस्थकों अधिकारानुसार कर्म करनों, वानप्रस्थकों तपश्चर्या करनों, सन्न्यासीकों पृथ्वीको पर्यटन करनों आदि अन्य हु नियम बहुत हें, उन सबनकुं करने।

यज्ञ तो चारों आश्रममें न्यारे-न्यारे प्रकारसों सब ही कों करनो योग्य हे। गृहस्थको अतिथिसत्कार, देवपूजन आदि धर्मनकुं हु अवश्य परिपालन करनों योग्य हे. ये धर्म अन्य आश्रममें नहिं बन सकें हे इतनी ही गृहस्थाश्रममें श्रेष्ठता हे। यज्ञ तो चारों आश्रम वारेनकों करनो। तहां ब्रह्मचारीकुं ''यं यं क्रतुमधीते'' या वाक्यके अनुसार यज्ञविधिको करनो वेदको पढनो हे। ये ही वाचिक यज्ञ करनों हे। गृहस्थकुं क्रियाद्वारा कायिक यज्ञ करनों लिखे हें। वानप्रस्थकों तपके द्वारा तथा मानसिक यज्ञ संन्यासीकुं हु आवश्यक हे। याहीसों 'अजरामर्याग्निहोत्र' श्रुतिमें ज्ञानीके अर्थ कह्यो हे: ''सन्न्यासीको जो ज्ञानधर्म हे वाकी अपेक्षा अन्य आश्रमको धर्म हीन समुझकें उनकुं छोडनो योग्य नहीं हे''। तथा ''अपने आश्रमके धर्ममें अपनी मृत्यु हो जानो ही कल्याण करिवेवारो हे, दूसरे आश्रमके धर्मको ग्रहण करनों भय देवेवारो हे'' एसो गीता वाक्य हे।।१९५।।

उत्तरोत्तरधर्मेषु निष्ठायाम् अधिकं फलम्।।
तस्य चेत् परमा भक्तिः तिरोधानं भविष्यति।।
भक्तिः स्वतन्त्रा शुद्धा च दुर्लभेति न सोच्यते।।१९६।।

आगें-आगेंके धर्ममें जेसें-जेसें श्रद्धा बढती जाय तेसें-तेसें अधिक फल प्राप्त होवे हे। अपनें-अपनें आश्रमधर्म सहित जो ज्ञान हे उनमें सन्न्यासाश्रमको ज्ञान उत्तम हे। वो ज्ञान ब्रह्माके सङ्ग अथवा ब्रह्माजीसों पूर्व हु क्रम करकें मुक्ति देवेवारो हे। ये ही वा ज्ञानकी उत्तमता हे। वासों हु अधिक उत्तमता तब होय जब ''एव धर्मैर्मनुष्यणाम् . . . मयि सञ्जायते भक्तिः'' (भाग.पुरा.११।१९।२४) या भागवत वाक्यके अनुसार वर्णाश्रमधर्म भक्तिके उत्पन्न करिवेवारे होयकें भगवद्धर्मरूप होय जायं अर्थात् वर्णाश्रमधर्म सहित जो ज्ञानी हे वाकी भगवानमें भक्ति सिद्ध हो जाय तो जीवमें आनन्दको जो तिरोभाव हो रह्यो हे वाको नाश हो जाय। वाको नाश होते ही ब्रह्मभाव हो जाय। आश्रमधर्म सहित ज्ञान सहित भक्ति ही तिरोभावको नाश करिवेवारी हे। भगवानको माहात्म्य जानिके उनमें परम स्नेह करनों 'भक्ति' कहावे हे। एसेही ये भक्ति भगवानकी परिचर्या सहित स्वतःपुरुषार्थरूप सेवा मानिके कीनीं जाय अर्थात् भक्तिसों अन्य कछु फल न मांग्यो जाय, भक्तिकुं ही

फलरूप मानी जाय वो भक्ति 'स्वतन्त्रभक्ति' कहावे हे।

सारांश ये हे: आश्रमधर्म सहित ब्रह्मके अनुभव सहित जो माहात्म्यज्ञान पूर्वक स्नेह हे सो ब्रह्मभावकुं सिद्ध करे हे। वेसो ही स्नेह प्रभुपरिचर्या सहित होय तब वो परिचर्या आनन्दरूप होती भई त्रयोदश गुणवारी फलरूप होय हे। वा प्रियतम प्रभुकी सेवामें आश्रमधर्मादिकन्को आचरण करनो भजनानन्दके अनुभवको प्रतिबन्धक मालुम पडे हे। तासों जेसें ब्रह्मभावकुं प्राप्त भयो जीव आश्रमधर्मादिकन्कुं छोड दे हे वेसें ही भजनानन्द अर्थात् प्रियतम प्रभुकी सेवाके आनन्दको अनुभव करिवेवारे उत्तमाधिकारी भक्तकुं आश्रमधर्मादिकन्को करनो वा आनन्दको प्रतिबन्धक मालुम पडे हे। तासों आश्रमधर्म वा समयमें त्यागयोग्य हे. तासों जहांतक परब्रह्म पुरुषोत्तमके स्वरूपानन्दके अनुभवपूर्वक भजनानन्दको सेवाके सुखको अनुभव नहिं होय तहां तांई तो आश्रमधर्मन्कुं सर्वथा नहिं छोडनों। एसी स्वतन्त्र शुद्ध भक्ति दुर्लभ हे तासों वाको सङ्क्षेपसों ही निरूपण कियो हे, विस्तार या ग्रन्थमें नहिं कियो हे। क्योंके ब्रह्मभावकुं प्राप्त भये जीव जगत्में हें परन्तु वेसे भक्त जगत्में क्रोडन्में एक होनों हु दुर्लभ हे। श्रीभागवतमें लिखे हें''मुक्तानामपि सिद्धानां नारायणपरायणः, सुदुर्लभः प्रशान्तात्मा कोटिष्वपि महामुने''(भाग.पुरा.६।१४।५) ।।१९६।।

अयं हि सर्वकल्पनाम् उत्तमः परिकीर्तितः।।
त्रिषु स्वाश्रमधर्मेषु प्रथमे वा प्रतिष्ठितः।।१९७।।

भगवच्छास्त्रमें या प्रकारकी भक्तिकुं सर्वोत्तम बताई हे। ''यमेवैष वृणुते तेन लभ्यः'' (मुण्ड.उप.३।२।३) या श्रुतिसों निश्चय होय हे के भक्तकुं अङ्गीकार करकें एसी भक्ति देनों भगवान्के आधीन हे। यदि भगवान् इच्छा करके एसो भाव-भक्ति उत्पन्न कर दें तो चतुर्थ=सन्न्यासाश्रममें नहिं रहनों। वा आश्रममें यथेष्ट भोजन विना इन्द्रियन्की सामर्थ्य नष्ट हो जाय तो प्रिय प्रभुकी सेवा नहिं बन सके। तासों तीन आश्रममें रहनों। तहां गृहस्थाश्रममें आह्निककर्ममें काल व्यतीत हो जाय तो प्रभुकी परिचर्या नहिं बनि सके तासों यदि स्त्री, पुत्रादि सेवाके अनुकूल होय तो गृहस्थाश्रममें रहनो। परन्तु सबकी अपेक्षा इन्द्रियको जय करकें ब्रह्मचारी होयकें प्रेमसेवाको अनुभव करनों सर्वोत्तम हे। क्योंके ब्रह्मचारीकों यथेष्ट भोजन करनो लिख्यो हे। अर्थात् प्रथमाश्रममें रहिके यथेष्ट भोजन करते भये, इन्द्रियन्की सामर्थ्य बढायके भगवत्सेवा करनों।

इतने विस्तारको ये निचोड हे के वैदिक धर्म करत-करत जब भक्ति उत्पन्न हो जाय तब जाननों जो उत्तम वैदिक धर्म मोसों बनि आयो हे। भक्तिको उत्पन्न कर देनो ही वैदिक धर्मकी उत्तमता हे। ये वार्त्ता ''भगवान् ब्रह्म कात्स्र्क्येन'' (भाग.पुरा.२।२।३४) या भागवतके श्लोकमें स्पष्ट लिखी हे। या प्रकार वैदिकभक्ति वैदिक धर्मकी अपेक्षा राखे हे। तासों धर्म अङ्ग हे। वैदिक भक्ति अङ्गी हे। ओर निरपेक्ष स्वतन्त्र भक्ति तो दुर्लभ ही हे।।१९७।। **(क्रमशः)**

ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ

સંકલન : ભુપેન્દ્રભાઈ ભાટીયા



ગતાંકથી આગળ...

ગ્રંથ - સિદ્ધાંતમુક્તાવલી

કૃષ્ણ સેવા સદા કાર્યા। શ્રીવલ્લભના આવા મૃદુલ વચન સાંભળતા જ અચ્યુતદાસજીના અંગેઅંગમાં રોમાંચ પ્રકટ થાય છે, કારણ કે સેવામાર્ગ દ્વારા પુષ્ટિજીવને હવે પુરૂષોત્તમનો સાક્ષાત્ સ્પર્શ થશે એવો એમને વિશ્વાસ આવી જાય છે.

જેની સેવા કરવાની શ્રીવલ્લભે આજ્ઞા કરી છે એ કૃષ્ણ કોણ છે? શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે, ''परं ब्रह्म तु कृष्णो हि।'' આવા આનંદ સ્વરૂપ પૂર્ણપુરૂષોત્તમ કૃષ્ણની સેવા કરવાથી પુષ્ટિજીવનું હૃદય પણ આનંદરૂપ બને છે. આપણા સેવ્યસ્વરૂપ આનંદરૂપ છે એ પુષ્ટિજીવનો પ્રથમ વિશ્વાસ છે. જીવનું આનંદાત્મક હૃદય એ પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું ધામ છે. લાકડામાં અગ્નિ તિરોહિત છે. એને પ્રજવલિત કરવા જેમ લાકડાને અગ્નિનો સ્પર્શ કરાવાય છે, તેમ જીવમાં તિરોહિત થયેલા આનંદાંશને પુનઃ પ્રકટ કરવા સદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણની સેવા અનિવાર્ય છે. અચ્યુદાસ સમજી જાય છે કે ભજનાનંદની પ્રાપ્તિમાં સેવા એ આનંદનો વ્યાપાર છે. એટલે જ તો અચ્યુતદાસ, શ્રીગુસાંઇજીને ભગવાનદાસ ભિતરીયાને કૃષ્ણસેવામાં પુનઃ અંગીકાર કરવા વિનંતી કરે છે, કારણ કે વલ્લભની આજ્ઞા છે કે, કૃષ્ણ સેવા સદા કાર્યા। સેવામાં ભૂલ થાય તો પ્રભુની દીનતાથી ક્ષમા યાચવી પણ કૃષ્ણ સેવા તો ન જ છોડવી.

તીર્થસ્થાનમાં વહેતા ગંગાજીમાં, આધિદૈવિક દેવી ગંગાનો ભાવ ભક્તને આવે, ત્યારે મર્યાદા ભક્તને ગંગાજી પોતાના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ કરાવે છે. તેવી જ રીતે, પોતાના સેવ્ય સ્વરૂપમાં, પૂર્ણ પુરૂષોત્તમ વ્રજરાજકુમારનો ભાવ સ્થિર કરવાથી, સેવા ફલિત થાય છે.

આ શ્લોકમાં મહાપ્રભુજી તનુવિત્તજા સેવાની આજ્ઞા કરે છે, એની ભીતર મનુષ્ય સ્વભાવનો વિલક્ષણ process સમાયેલો છે. આપણી ભીતર રહેલી self awareness માટે પ્રભુએ આપણને એક special instrument આપ્યું છે, અને તે છે અહંકાર. દેહેન્દ્રિયાદિથી આપણે એનો અનુભવ કરીએ છીએ. તનુજા સેવામાં આ દેહેન્દ્રિયને આચાર્યજી ભગવત્સમર્પિત કરાવે છે. મમતા માટે કેવલ મન જ આપ્યું છે. જેનું મન પ્રભુમાં લાગી ગયું એને મમતાના અન્ય વિનિયોગનું કારણ નથી રહેતું,

પણ જેનું મન પ્રભુમાં નથી બંધાયું એવા જીવના મનને ભગવદીય કરવા આચાર્યજી શીખવાડે છે કે જે વિત્ત, પુત્ર, ગૃહમાં મન લાગ્યું છે, એને પ્રભુ સાથે જોડવાથી, મન પ્રભુ સંગ જોડાશે. ભગવદીય બનશે. મન સ્વભાવથી ચંચલ છે. એ ચંચલ મનની care લેવા શ્રીમહાપ્રભુજીએ સેવા માર્ગમાં બહુજ વૈવિધ્ય રાખ્યું છે. જેમ કે, ઠાકુરજીને જગાડવાં, શૃંગાર કરવા, ભોગ ધરવો વગેરે. તદુપરાંત એક-એક પ્રકારમાં પાછી અનેકવિધતા રાખી છે. જેમકે અનેક જાતના શૃંગાર, અનેક પ્રકારની સામગ્રી, કીર્તન આદિ. ચંચલ મનને પુષ્ટિ ભક્તિમાર્ગમાં ભમવાના ઘણા સ્થાન હોવાથી, ભગવત્સેવાના માધ્યમ દ્વારા પુષ્ટિજીવનું મન પ્રભુમાં ઓતપ્રોત થઇ જાય છે. મન ઓતપ્રોત થયા પછી ધીરેધીરે પુષ્ટિ ભક્તના ચિત્તમાં સેવાનો ભાવ અખંડિત વિલસી જાય છે, ત્યારે ભગવદીય માનસી સેવામાં રમતો થઇ જાય છે. તનુવિત્તજા સેવાથી જીવની અહંતા અને મમતાને પ્રભુમય કરવાની, ભગવદીય બનાવવાની, મહાપ્રભુજીની આવી અદ્વિતીય strategy છે. મહાપ્રભુજી સુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે જે વસ્તુનું નિત્ય સેવન કરીએ, એમાં મમતા બંધાય છે. તનુવિત્તજા સેવા નિત્ય કરવાથી પ્રભુમાં સ્નેહ જાગે છે.

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી ''તનુવિત્તજા'' ને એક શબ્દરૂપે કહે છે. તનુજા ''અથવા'' વિત્તજા સેવાને પૃથક ન કરતાં, ''તનુવિત્તજા'' સેવાની આજ્ઞા કરીને, આચાર્યજી પોતાનો હાર્દ સ્પષ્ટ કરે છે કે, પોતાના તનથી અને પોતાના ધનથી સેવા કર્યા વિના માનસી સેવા સિદ્ધ થતી નથી. તનુવિત્તજા સેવા એ માર્ગની રીતિ છે. ''પ્રકટ વ્હૈ મારગ રીતિ દિખાઇ.'' માર્ગની રીતિનું અનુસરણ કરતાં એમાં પ્રીતિ ઉમેરાય ત્યારે માનસી સેવા તરફ જવાય. ગોપીકાના માર્ગને મહાપ્રભુજીએ પોતાના માર્ગાન્વિત કર્યો છે. તેથી પુષ્ટિમાર્ગમાં ''સેવા રીત પ્રીત વ્રજજનકી'' છે. ગોપીજનોની દૈહિક કે માનસી સેવામાં ભેદ નથી. તનુવિત્તજા સેવા સાથે સંકળાયેલી સેવાની રીતિ અને પ્રીતિનો સંબંધ, શ્રીઆચાર્યચરણે પ્રતિપાદિત કરેલ સાકારબ્રહ્મવાદ સાથે છે. શ્રીગુસાંઇજી તેથી જ સર્વોત્તમજીમાં કહે છે સાકારબ્રહ્મવાદૈકસ્થાપકઃ સર્વવ્યાપી બ્રહ્મના એક સાકાર રૂપને ચુનીને, પુષ્ટિજીવને, એ મૂર્તિ સ્વરૂપમાં ભગવદ્ભાવ સ્થાપિત કરવાનો છે અને તનુવિત્તજા સેવાના માધ્યમથી એ મૂર્તિ સ્વરૂપમાં સર્વતોધિક સુદૃઢ સ્નેહ વિલસાવવાનો છે. આ પ્રક્રિયાથી માનસી સેવા તરફ જવાશે. અખિલ જગત બ્રહ્માત્મક હોવા છતાંય આપણા ઉદ્ધારની યોજના આપણે માથે બિરાજતા મૂર્તિ સ્વરૂપે જ ઘડી છે. વ્યાપક બ્રહ્મ અન્યરૂપથી આપણો ઉદ્ધાર કરવા નથી ચાહતાં. તેથી પોતાના સેવ્ય સ્વરૂપમાં અનન્ય આસક્તિ અને આશ્રય અનિવાર્ય છે.

આપણા સેવ્ય સ્વરૂપને કેવલ સાકાર જ માનશું તો પ્રભુમાં પરિચ્છિન્નતા આવશે. એટલે આપણા સેવ્ય સ્વરૂપ વ્યાપક છે, અખિલ બ્રહ્માંડના આધાર પણ એજ છે, એવી સાકાર બ્રહ્મવાદની અભેદ બુદ્ધિ રાખવી અત્યાવશ્યક છે. આપણા સેવ્ય સ્વરૂપમાં આ માહાત્મ્યજ્ઞાનને દૃઢ કરવા સિદ્ધાંન્તમુક્તાવલીમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે, अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।

તનુવિત્તજા સેવા કરતી વેળાય આપણે ત્યાં આલંબન વિભાવ પ્રભુને નથી કહ્યાં. આપણે માથે બિરાજતી મૂર્તિ આલંબન વિભાવ છે, અર્થાત્ આલંબન વિભાવરૂપ ભગવાન વસ્તુગત્યા છે. સ્થાયી ભાવ વસ્તુમાં નથી પ્રકટ થતો પણ

આપણા હૃદયમાં થાય છે. તેથી જ આપણા હૃદયમાં આવિર્ભૂત થતાં સ્થાયી ભાવને, મૂર્તિરૂપ આલંબન વિભાવનો સંપર્ક થાય છે, ત્યારે રસ ઉત્પન્ન થાય છે. બ્રહ્મ સ્વયં રસાત્મક નથી પણ રસ કારણ છે. ભક્ત, બ્રહ્મને ભગવાન બનાવે છે. રસાત્મક બનાવે છે. ભક્તના ભાવ સ્થાપનથી બ્રહ્મ રસાત્મક બને છે. એટલા માટે બ્રહ્મ એકલા નથી રમતાં પણ બીજાને ચાહે છે. स द्वितीयमैच्छत:। અર્થાત્ બ્રહ્મ ભક્ત સાપેક્ષ છે. આપણે માથે બિરાજતાં મૂર્તિરૂપના જ્યાં હસ્ત છે ત્યાં પરબ્રહ્મનો સાક્ષાત્ શ્રીહસ્ત છે, ચરણ છે ત્યાં સાક્ષાત્ ભગવચ્ચરણ છે. માથે બિરાજતાં સ્વરૂપનું અખિલાંગ આમ સાક્ષાત્ છે. આપણી ભક્તિ દૃઢ ન થાય ત્યાં સુધી આપણા સેવ્ય સ્વરૂપમાં ભાવ અને માહાત્મ્યજ્ઞાનનું ચક્ર ચાલવું જોઇએ અને ભક્તિ દૃઢ થઇ ગયા પછી સંયોગ અને વિપ્રયોગનું. આ process થી તનુવિત્તજા સેવા થકી માનસી સેવા સિદ્ધ થાય છે. સિદ્ધાંતમુક્તાવલીમાં કહેલ તનુવિત્તજા સેવાની આવી વિલક્ષણ ગરિમા છે. પ્રભુની કૃપા અને ભક્તના ભાવને કારણે આપણે માથે બિરાજતી મૂર્તિમાં અનિર્વચનીય સામર્થ્ય રહેલ છે. એના કારણે સેવ્યસ્વરૂપ સેવકનો ઉદ્ધાર કરે છે. આપણા સેવ્યસ્વરૂપમાં સંપૂર્ણતયા જ્ઞાનશક્તિ અને આનંદનો પ્રાદુર્ભાવ છે. તેથી તનુવિત્તજા સેવા વેળા આપણા પ્રભુ સાથે આપણો સાક્ષાત્ સંબંધ છે. તેથી મૂર્તિમાં એવો ભાવ રાખવો કે મારૂં જે અભિલષિત અને સર્વસ્વ છે એ એમાં જ બિરાજે છે. શ્રદ્ધાપૂર્વક ભગવાનની પ્રતિમાનું ભજન કરવું અને એમ વિશ્વાસ રાખવો કે ભગવદ્ સાનુભાવ આમાં જ થશે.

માનસી સેવા તો કેવલ ભગવત્સુખાત્મક છે જ. પરંતુ તનુવિત્તજા સેવામાં પણ મુખ્ય ભાવ પ્રભુના સુખનો જ હોવો જોઇએ. यथा देहे तथा देवे ના સિદ્ધાંતથી. ગોપીજનોનું ચિત્ત સદા પ્રભુમાં પ્રવણ હોવાથી એમનામાં સેવાનું સ્વરૂપ લક્ષણ અખંડ વિદ્યમાન છે. તેથી એમની દૈહિક અને માનસી સેવામાં ભેદ નથી.

પરબ્રહ્મનો આનંદ માણવામાં બાધક તત્વ, જીવના બધાય સુખ અને દુ:ખના કારણરૂપ, એની અહંતા અને મમતા છે. જીવ જે કાંઇ 'પોતાને' માને છે, એ એની અહંતા છે અને જે કાંઇ 'પોતાનું' માને છે, એ જીવની મમતા છે. તેથી જ તનુજા સેવામાં પોતાના દેહેન્દ્રિયાદિથી ભગવત્સેવા કરવાથી જીવની અહંતા પ્રભુને સમર્પિત થાય છે અને પોતાના વિત્તથી સેવા કરવાથી જીવની મમતાનું ય સમર્પણ પ્રભુ અર્થ થાય છે. બિચારા જીવ પાસે પ્રભુને સમર્પવા માટે અહંતા અને મમતા સિવાય બીજુ છે પણ શું? તેથી જ શ્રીમહાપ્રભુજીએ, અહંતા મમતાનો નાશ કરવા નથી કહ્યું, પરંતુ સેવામાર્ગ પ્રકટ કરીને એને ભગવત્સમર્પિત કરાવી છે. ઋષિઓને પણ દુષણરૂપ લાગતી અહંતા અને મમતાને, શ્રીવલ્લભે પુષ્ટિભક્તિનું ભૂષણ બનાવી દીધી છે.

(ક્રમશ:)



❋ નીચે આપેલા નામ કોષ્ટકક. નામ શોધો.

વિ	વ	ગો	વ	લ્લ	ભ	ભા	સ્ફ	ચ	ક
હ	વ્ર	જ	વ	લ્લ	ભ	વ	મે	મુ	મ્
રિ	રા	બો	ક	પ્રે	મ	લ્લ	ધિ	ના	મા
લ્લ	ધા	ધિ	લ્લ	વિ	શ	ધિ	નુ	વ	વ
ચા	વ	ની	હા	તુ	દી	ન	વ	લ્લ	ભ
ખ	લ્લ	વિ	બ	હ્ય	બો	ધિ	ની	ભ	હ
કૃ	ભ	ગો	વ	ર્ધ	ન	વ	લ્લ	ભ	રિ
લ્લ	પ્રા	ણ	વ	લ્લ	ભ	મ	વ	ત્ર	વ
પ્રિ	ર	સિ	ક	વ	લ્લ	ભ	દ	પ્રિ	લ્લ
ચા	ગો	પી	જ	ન	વ	લ્લ	ભ	શા	ભ



(૧) વ્રજવલ્લભ
(૨) પ્રાણવલ્લભ
(૩) રસિકવલ્લભ
(૪) દીનવલ્લભ
(૫) રાધાવલ્લભ
(૬) ગોપીજનવલ્લભ
(૭) ગોવલ્લભ
(૮) ગોવર્ધનવલ્લભ
(૯) યમુનાવલ્લભ
(૧૦) હરિવલ્લભ



❋ **જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.**

શ્લોક	શ્લોક સંખ્યા	અધ્યાય
(૧) અનેકવક્ત્રનયનમ્	૧૨	૧૧
(૨) એતાન્યપિ તુ કર્માણિ	૬૨	૧૮
(૩) રજસ્તમશ્ચાભિભૂય	૪	૧૪
(૪) આબ્રહ્મભુવનાલ્લોકાઃ	૯	૮
(૫) અનાશ્રિતઃ કર્મફલં	૨૬	૬
(૬) માં ચ યોઽવ્યભિચારેણ	૧	૧૪
(૭) જન્મ કર્મ ચ મે દિવ્યં	૧૬	૪
(૮) મયા તતમિદં સર્વં	૧૦	૯
(૯) ધ્યાયતો વિષયાન્ પુંસઃ	૬	૨
(૧૦) યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા	૧૦	૫

❋ પ્રિય વૈષ્ણવબાલ,

નીચે આપેલા શ્રીગોપીનાથજી વિરચિત સાધનદીપિકાના અધૂરા શ્લોક પૂર્ણ કરો, મુખપાઠ કરો અને શ્લોક ક્રમાંક આપો.




શૌચાચાર ..... આસુરાવેશ .....। ..... સ્વાહ્નિક .....આચારોડપિ.....॥	શ્લોક ક્રમાંક .....
..... નિત્ય ..... કૃતિર્વરા । અન્યથા તુ ..... ત્રૈવર્ગ્યવિષયા .....॥	શ્લોક ક્રમાંક .....
સર્વવસ્તુષુ ..... દોષદૃષ્ટ્યા .....। ..... ઇન્દ્રિયાણાં ..... ચ .....॥	શ્લોક ક્રમાંક .....
એવં ..... ચેશિતુઃ । લીલાપ્રવેશોડપીષ્ટસ્ય .....॥	શ્લોક ક્રમાંક .....

❋ ગતાંકના ઉત્તરો ❋

જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.

શ્લોક	અધ્યાય	શ્લોક સંખ્યા
(૧) યુધ્યમન્યુસ્ય વિક્રાન્ત.....	૧	૬
(૨) દેહિનોડસ્મિન્ યથા દેહે.....	૨	૧૩
(૩) નૈવ તસ્ય કૃતેનાર્થો.....	૩	૧૮
(૪) અજ્ઞસ્યાશ્રદ્દધ્યાનસ્ય.....	૪	૪૦
(૫) યે હિ સંસ્પર્શજા ભોગા....	૫	૨૨
(૬) યત્રોપરમતે ચિત્તં.....	૬	૨૦
(૭) સાધિભૂતાધિદૈવં માં.....	૭	૩૦
(૮) અવ્યક્તાદવ્યક્તયઃ.....	૮	૧૮
(૯) શુભાશુભફલૈરેવં.....	૯	૨૮
(૧૦) યો મામજમનાદિં ચ	૩	૧૦

❋ કોષ્ટક ઉત્તર ❋



❋ ગતાંકના સાધનદીપિકા ગ્રંથના શ્લોક ક્રમાંક

(૧) શ્લોક ક્રમાંક-૧૮ (૨) શ્લોક ક્રમાંક-૨૭

(૩) શ્લોક ક્રમાંક-૩૯ (૪) શ્લોક ક્રમાંક-૫૯

પુષ્ટિસંસ્કારધામ

પુષ્ટિસંસ્કારધામનું વેગવંતુ નિર્માણકાર્ય





પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સહયોગીઓની યાદી

૨૧ ઓગષ્ટ ૨૦૨૬ થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી

ક્રમ	નામ	ગામ	જમા રકમ
૧	ગોપાલભાઈ જેઠાભાઈ બુટાણી	કોઈમ્બતુર	૧૦,૦૦,૦૦૦
૨	કુમનભાઈ પરષોત્તમભાઈ મોરી	રાજકોટ	૫,૬૦,૧૧૧
૩	જેંતીભાઈ નાથાભાઈ હીરપરા	જુનાગઢ	૩,૦૩,૦૦૦
૪	નિકુંજકુમાર અંબાવીભાઈ દેપાણી	અમદાવાદ	૨,૧૧,૧૧૧ (૨૫,૦૦,૦૦૦ સંકલ્પ પેટે)
૫	રવિભાઈ પરષોત્તમભાઈ ચાંગેલા	મોરબી	૨,૦૦,૦૦૦
૬	અજયભાઈ નાથાભાઈ રાદડીયા	સુરત	૧,૫૪,૪૪૪
૭	દિપ્તીબેન ભાવેશભાઈ મારવીયા	રાજકોટ	૧,૨૩,૫૦૦ (૧૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૮	નારણભાઈ દેવશીભાઈ સોલંકી	માણાવદર	૧,૧૧,૧૧૧
૯	લલિતાબેન કરશનભાઈ ઉકાણી	રાજકોટ	૧,૧૧,૦૦૦
૧૦	રમેશભાઈ મેઘજીભાઈ બરવાડીયા	કેશોદ	૧,૦૫,૫૫૫
૧૧	રજનીબાલા મનસુખભાઈ પોપટ	ઉપલેટા	૧,૦૦,૧૧૧
૧૨	ગોપાલભાઈ નાનજીભાઈ રફાળીયા	મેંદરડા	૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૩	વ્હાઈટ લાઈન એગ્રો એક્સપોર્ટ	કેશોદ	૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૪	ભગવાનદાસ જમનાદાસ ટાંક	કલાણા	૬૧,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૫	વિજયભાઈ જયરાજભાઈ ભાલોડીયા	અમદાવાદ	૫૧,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે)
૧૬	જેંતીભાઈ કરશનભાઈ સાંગાણી	કેશોદ	૫૧,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૧૭	નિશાંતભાઈ મુળજીભાઈ વડાલીયા	કેશોદ	૫૧,૦૦૦
૧૮	નવનીતભાઈ કાનજીભાઈ ખાનપરા	અમદાવાદ	૫૦,૦૦૦ (૫,૮૪,૨૫૨ સંકલ્પ પેટે)
૧૯	ભાર્ગવભાઈ મોહનભાઈ મેંદપરા	બેંગલોર	૫૦,૦૦૦ (૨,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૨૦	મનિષકુમાર જમનાદાસ વાઘડીયા	અમદાવાદ	૪૦,૦૦૦

૨૧	મથુરભાઈ મોહનભાઈ કડીવાર	શાપુર	૩૦,૦૦૦
૨૨	મિનલબેન મનિષકુમાર અઘેરા	વડોદરા	૨૫,૦૦૧
૨૩	કરનભાઈ પ્રદિપભાઈ સંતોકી	ઉપલેટા	૨૫,૦૦૦
૨૪	હરસુખભાઈ રૂડાભાઈ ગોંડલીયા	વઘાવી	૨૧,૦૦૦
૨૫	જેંતીભાઈ ત્રીકમભાઈ વાછાણી	કેશોદ	૧૫,૦૦૦
૨૬	કુંજ અશ્વિનભાઈ બુધ્ધદેવ	જુનાગઢ	૧૧,૧૧૧ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૨૭	વલ્લભભાઈ ઘરમશીભાઈ ખાનપરા	કેશોદ	૧૧,૧૧૧
૨૮	વિમલભાઈ સંજયભાઈ ટાંક	રાજકોટ	૧૧,૦૦૦
૨૯	જેંતીભાઈ રાઘવભાઈ કાલરીયા	અમદાવાદ	૧૧,૦૦૦ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૩૦	કિશોરભાઈ ખીમજીભાઈ રામોલીયા	જસાધર ગીર	૧૧,૦૦૦
૩૧	દિપાબેન જીતેશકુમાર સોજીત્રા	રાજકોટ	૧૧,૦૦૦
૩૨	પીયૂષભાઈ નંદલાલભાઈ પોંકીયા	કાથરોટા (વડાલ)	૧૦,૦૧૧
૩૩	ઘનસુખભાઈ કાંતીભાઈ વઘાસીયા	જુનાગઢ	૧૦,૦૦૦
૩૪	દિલીપભાઈ પ્રાગજીભાઈ રાદડીયા	કાથરોટા (વડાલ)	૧૦,૦૦૦ (૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૩૫	લાલજીભાઈ ડાયાભાઈ કાકડીયા	બગડુ	૧૦,૦૦૦
૩૬	રમેશભાઈ પાંચાભાઈ છોડવાડીયા	કાથરોટા (વડાલ)	૧૦,૦૦૦
૩૭	મનુભાઈ અરજણભાઈ બોઘરા	બગડુ	૧૦,૦૦૦
૩૮	નવનીતભાઈ પોપટભાઈ દેકીવાડીયા	માણાવદર	૧૦,૦૦૦
૩૯	જેંતીભાઈ કાબાભાઈ ડોબરીયા	ચોકી(સોરઠ)	૯,૬૧૧
૪૦	કિશોરભાઈ શામજીભાઈ ડોબરીયા	લેરીયા	૯,૦૦૦
૪૧	રાજેશભાઈ પરષોત્તમભાઈ અકબરી	ચોકી(સોરઠ)	૭,૬૧૧
૪૨	ઈશાન વિરેન્દ્રભાઈ શાહ	જુનાગઢ	૬,૧૪૧ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે)
૪૩	મંજુલાબેન ભરતભાઈ કાછડીયા	ચીરોડા	૫,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે)
૪૪	સંજયભાઈ ગોકળભાઈ ઘરસંડીયા	મોરબી	૫,૦૦૦
૪૫	રામજીભાઈ અરજણભાઈ બાંભરોલીયા	નાના ઝાંઝેસર	૩,૦૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૪૬	અનિલભાઈ સવજીભાઈ વઘાસીયા	ચોકી(સોરઠ)	૧,૨૦૦ (૧૧,૦૦૦ સંકલ્પ પેટે)
૪૭	કિશોરભાઈ વાલજીભાઈ ગોઠી	જીલાણા	૧,૦૦૦

પુષ્ટિસંસ્કાર પાઠશાલા ઉત્સવ– ઉના








પવિત્રા ઉત્સવ – નિકોલ અને બોપલ, અમદાવાદ





જન્માષ્ટમી ઉત્સવ – મોટી હવેલી, જુનાગઢ





પવિત્રા ઉત્સવ – માણાવદર





પવિત્રા ઉત્સવ – મોરબી–વાંકાનેર






પવિત્રા ઉત્સવ – રાજકોટ




પુષ્ટિસંસ્કાર સ્કૂલ – ટીંબાવાડી, જૂનાગઢ









તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
ઓક્ટો./૦૧	ભાદરવા વદ / ૦૫	ગુરૂવાર	શ્રીહરિરાય મહાપ્રભુજીનો ઉત્સવ
૦૩	૦૭	શનિવાર	શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (અષ્ટમી ક્ષય હોવાથી આજે)
૦૬	૧૧	મંગળવાર	એકાદશીવ્રત (મહાદાન)
૦૭	૧૨	બુધવાર	શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ
૦૮	૧૩	ગુરૂવાર	શ્રીગુસાંઇજીના તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ
૧૦	૩૦	શનિવાર	સાંઝી સમાપ્તિ - કોટની આરતી
૧૧	આસો સુદ / ૦૧	રવિવાર	નવરાત્ર પ્રારંભ - અંકુરારોપણ
૧૨	૦૨	સોમવાર	શ્રીચંદ્રપ્રભાભાભીજી મહારાજનો ઉત્સવ
૨૦	૦૯	મંગળવાર	વિજયાદશમી-દશેરા-જવારા ભોગ સંધ્યામાં
૨૨	૧૧	ગુરૂવાર	એકાદશીવ્રત
૨૪	૧૩	શનિવાર	શ્રીરઘુનાથલાલજીનો ઉત્સવ
૨૫	૧૪	રવિવાર	શરદપૂર્ણિમા - રાસોત્સવ
૩૦	આસો વદ / ૦૫	શુક્રવાર	શ્રીવ્રજવલ્લભજીનો ઉત્સવ
નવે./૦૪	૧૦	બુધવાર	બડે શ્રીગોકુલેશજીનો ઉત્સવ
૦૫	૧૧	ગુરૂવાર	એકાદશીવ્રત
૦૭	૧૩	શનિવાર	ધનતેરસ
૦૮	૧૪	રવિવાર	રૂપ ચતુર્દશી, દીપાવલી, હટડી, કાનજગાઇ
૦૯	૩૦	સોમવાર	ગોવર્ધનપૂજા - અન્નકૂટ ઉત્સવ
૧૦	કારતક સુદ / ૦૧	મંગળવાર	ગુજરાતી નવવર્ષ પ્રારંભ
૧૧	૦૨	બુધવાર	ભાઇબીજ - શ્રીપુરૂષોત્તમલાલજી દાદાજીનો ઉત્સવ
૧૭	૦૮	મંગળવાર	ગોપાષ્ટમી
૧૮	૦૯	બુધવાર	અક્ષયનવમી-બેઠકજી અન્નકૂટ
૨૧	૧૨	શનિવાર	પ્રબોધિની એકાદશીવ્રત - દેવોત્થાપન સાંજે સંધ્યામાં, શ્રીગુસાંઇજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજી અને પંચમલાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ
૨૫	કારતક વદ / ૦૧	બુધવાર	ગોપમાસ પ્રારંભ
૨૬	૦૨	ગુરૂવાર	શ્રીવ્રજવલ્લભબાવા(પ્રમેયબાવાશ્રી)નો જન્મદિવસ
૨૭	૦૩	શુક્રવાર	શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ(ચોથનો ક્ષય હોવાથી આજે)

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - October 2026, JUNAGADH - 362001
Posted on 1st of every month (RMS - Junagadh)

R.N.I. No. GUJGUJ/2010/34004
Postal Reg No.JND/304/2025-2027 (Valid up to 31-12-2027)
Total Page : 36 Price ₹ 20

IF NOT DELIVERED PLEASE RETURN TO

SHREE PUSHTI SANSKAR SANSTHAN

MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA

Owner : SHREE PUSHTI SANSKAR SANSTHAN

Printer, Publisher : Jayendrakumar Bhimjibhai Tanna

Editor : Vimal Mahedrabhai Bhatt

Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037

Published at Pusti Sankar Karyalaya, Moti Haveli, Nr. Panch Hatadi Chowk, Junagadh